dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 176 | AD - 2026, Chaitra vad - 01 | Friday, Dt. 03-04-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### ભવાનીપુરમાં વિશાળ જનસભાને સંબોધિત કર્યા બાદ કેન્દ્રીય ગૃહમંત્રીએ રોડ શો કર્યો

# ૧૫ દિવસ સુધી બંગાળમાં રહી પરિવર્તન લાવીને જ જંપીશ : અમિત શાહ

**બંગાળમાં ભાજપ ૧૭૦થી વધુ બેઠકો જીતી પૂર્ણ સરકાર બનાવશે**

પશ્ચિમ બંગાળ,તા.૦૨

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીના માહોલમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ભવાનીપુર પહોંચીને મુખ્યમંત્રી મમતા બેનર્જી અને તેમની સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. શાહે દાવો કર્યો હતો કે તેઓ આગામી ૧૫ દિવસ સુધી બંગાળમાં જ રોકાશે અને રાજ્યમાં પરિવર્તન લાવીને જ જંપશે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે બંગાળની જનતા હવે તૃણમૂલ કોંગ્રેસ (TMC) શાસનથી કંટાળી ગઈ છે અને આ વખતે મમતા બેનર્જીની સત્તામાંથી વિદાય નિશ્ચિત છે.

ભવાનીપુરમાં એક વિશાળ જનસભા અને રોડ શો દરમિયાન અમિત શાહે કહ્યું કે બંગાળના યુવાનો બેરોજગારીથી અને સામાન્ય નાગરિકો ખંડણી તેમજ ગુંડાગીરીથી ત્રસ્ત છે. તેમણે આરોપ લગાવ્યો કે ટીએમસીના ભ્રષ્ટાચાર અને સિન્ડિકેટ રાજે સામાન્ય જનતાનું જીવવું મુશ્કેલ કરી દીધું છે. ગૃહમંત્રીએ વચન આપ્યું કે જો બંગાળમાં ભાજપની સરકાર બનશે તો આંતરરાષ્ટ્રીય સરહદો સંપૂર્ણપણે સીલ કરી દેવામાં આવશે અને તમામ ઘૂસણખોરોને એક પછી એક





શોધીને દેશની બહાર હાંકી કાઢવામાં આવશે.

તેમણે ઉમેર્યું કે ૨૦૧૪ પછી જે પણ રાજ્યોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં વિશ્વાસ મૂક્યો છે, તે તમામ રાજ્યો આજે વિકાસના પંથે આગળ વધી રહ્યા છે. અમિત શાહે દાવો કર્યો કે ભાજપ આ ચૂંટણીમાં બંગાળમાં ૧૭૦થી વધુ બેઠકો જીતીને પૂર્ણ બહુમત સાથે સરકાર બનાવશે. તેમણે મતદારોને અપીલ કરી કે તેઓ કોઈનાથી પણ ડર્યા વિના મતદાન કરે અને ભ્રષ્ટ શાસનને ઉખેડી ફેંકે.

ભવાનીપુર વિધાનસભા બેઠક પરથી ભાજપના ઉમેદવાર શુભેન્દુ અધિકારીએ ગૃહમંત્રી અમિત શાહની પ્રત્યક્ષ હાજરીમાં પોતાનું ઉમેદવારી પત્ર ભર્યું હતું. આ દરમિયાન હઝરા ક્રોસિંગથી શરૂ થયેલા રોડ શોમાં હજારો કાર્યકરો જોડાયા હતા, જેને અમિત શાહે મમતા બેનર્જીના ગઢમાં ભાજપનું મોટું શક્તિ પ્રદર્શન ગણાવ્યું હતું. જોકે, આ દરમિયાન ભાજપ અને ટીએમસીના કાર્યકરો વચ્ચે સામાન્ય ઝપાઝપી પણ જોવા મળી હતી. બીજી તરફ, મુખ્યમંત્રી મમતા બેનર્જીએ મુર્શિદાબાદની રેલીઓમાં ભાજપ અને ચૂંટણી પંચ બંને પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે દાવો કર્યો હતો કે બંગાળમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પરથી તેમનું નિયંત્રણ છીનવી લેવાયું છે અને ચૂંટણી પંચ સીધું જ અમિત શાહ અને ભાજપના ઈશારે કામ કરી રહ્યું છે. માલદામાં ન્યાયિક અધિકારીઓને બંધક બનાવવાની ઘટના અંગે તેમણે અજ્ઞાનતા દર્શાવી કાયદો વ્યવસ્થા જાળવવામાં નિષ્ફળ રહેવા બદલ ચૂંટણી પંચને જવાબદાર ઠેરવ્યું હતું.

# ભારત કોઈપણ પરિસ્થિતિનો સામનો કરવા તૈયાર છે: સરક્ષણ મંત્રી રાજનાથ સિંહ

**કેન્દ્ર સરકાર ભારતીય નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા પ્રતિબધ્ધ**

કેરળ,તા.૦૨

કેરળ વિધાનસભા ચૂંટણીના પ્રચાર દરમિયાન કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે દેશવાસીઓને આશ્વસ્ત કર્યા છે કે ભારત પશ્ચિમ એશિયાના સંકટ વચ્ચે કોઈપણ પરિસ્થિતિનો સામનો કરવા




સક્ષમ છે. તેમણે સ્પષ્ટ કર્યું કે દેશમાં પેટ્રોલ, ડીઝલ કે ગેસની કોઈ જ અછત નથી અને ભારત કોઈપણ ઉર્જા સંકટ સામે લડવા માટે પૂર્ણપણે સજ્જ છે. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે ભારતીય નૌકાદળ હોર્મુઝની સમુદ્ર ધુનીમાંથી ભારતીય ટેન્કરોને સુરક્ષિત રીતે બહાર લાવી રહ્યું છે. સંરક્ષણ મંત્રીએ જણાવ્યું કે કેરળના અનેક લોકો પશ્ચિમ એશિયાના દેશોમાં રોજગારી અર્થે વસે છે, પરંતુ તેમણે ચિંતા કરવાની જરૂર નથી કારણ કે કેન્દ્ર સરકાર ભારતીય નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા પ્રતિબધ્ધ છે. તેમણે વિપક્ષ પર નિશાન સાધતા કહ્યું કે કટોકટીના આ સમયમાં વિપક્ષ દેશ સાથે ઉભા રહેવાના બદલે નિમ્ન સ્તરની રાજનીતિ કરી રહ્યો છે અને અફવાઓ ફેલાવી રહ્યો છે.

# ભારત પર ISIના સાયબર હુમલાની યોજના સામે આવતા ગુપ્તચર એજન્સીઓ એલર્ટ

ન્યુ દિલ્હી,તા.૦૨

પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી ISI ભારતના સંરક્ષણ અને નાણાકીય માળખાને નિશાન બનાવવા માટે મોટા પાયે સાયબર હુમલાની યોજના બનાવી રહી છે. ગુપ્તચર બ્યુરોના અહેવાલ મુજબ, ISI અધિકારીઓએ આ વ્યૂહરચના માટે તાજેતરમાં અનેક બેઠકો કરી છે. આ હુમલાઓ માટે પાકિસ્તાની સાયબર ફોર્સ અને 'HOAX1337' તેમજ ‘નેશનલ સાયબર ક્રૂ‘ જેવા હેકર જૂથોને સક્રિય કરવામાં આવ્યા છે. સુરક્ષા



એજન્સીઓએ ૨૦૨૬માં આ પ્રકારના સાયબર હુમલાને સૌથી મોટો ખતરો ગણાવ્યો છે.આ કાવતરું મુખ્યત્વે બે સ્તરે કામ કરશે. પ્રથમ સ્તરે, સાયબર એટેક દ્વારા દેશના સંરક્ષણ માળખા અને સિસ્ટમને નુકસાન પહોંચાડીને ગુપ્ત માહિતી ચોરવામાં આવશે. બીજા સ્તરે, દેશમાં અરાજકતા અને ભ્રમ ફેલાવવા માટે સોશિયલ મીડિયાના માધ્યમથી ખોટી માહિતી (ફેક ન્યૂઝ) ફેલાવવામાં આવશે. ગાઝિયાબાદ પોલીસની તપાસમાં એ પણ સામે આવ્યું છે કે કેટલાક શંકાસ્પદ લોકોએ સૌર ઊર્જા સંચાલિત CCTV કેમેરા લગાવીને પાકિસ્તાનમાં બેઠેલા હેન્ડલર્સને દેશની મહત્વની જગ્યાઓની લાઈવ ફીડ મોકલી છે.આ ઉપરાંત લોકોમાં ગભરાટ અને કાળાબજારી વધારવા માટે તેલ અને એલપીજીના ભાવો બાબતે પણ અફવાઓ ફેલાવવાનું આયોજન છે. ભારત સરકાર હાલમાં આવી સોશિયલ મીડિયા પોસ્ટ્સનું ફેક્ટ-ચેક કરીને સતત ખંડન કરી રહી છે.

### પંડિતોને સ્થાનિક મુસ્લિમ બિરાદરોનો પણ મળતો સહકાર

# ૩૬ વર્ષ બાદ કાશ્મીરી પંડિતોને ઘર વાપસી માટેની પ્રક્રિયા શરૂ

જમ્મુ,તા.૦૨

૩૬ વર્ષના લાંબા સમય બાદ જમ્મુ અને કાશ્મીરમાં કાશ્મીરી પંડિતોને તેમના મૂળ વતન પરત લાવવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. એક તરફ આતંકવાદના કાળા દોરમાં ખંડેર બનેલા મંદિરોનું સમારકામ કરીને તેમને ફરીથી પૂજા માટે ખોલવામાં આવી રહ્યા છે, તો બીજી તરફ પ્રશાસને ૧૯૯૦ના દાયકામાં આતંકવાદ ફાટી નીકળ્યા બાદ વિસ્થાપિત કાશ્મીરીઓની ગેરકાયદેસર



રીતે જપ્ત થયેલી ૩,૭૦૦ કનાલ જમીન પાછી મેળવી હોવાનો દાવો કર્યો છે.

સરકારના જણાવ્યા અનુસાર, વહીવટીતંત્રના સતત પ્રયાસો દ્વારા કાશ્મીર ખીણના ૧૦ જિલ્લાઓમાં વિસ્થાપિતોની આશરે ૧૮૮.૭૫ હેક્ટર જમીન સફળતાપૂર્વક મેળવીને તેના મૂળ માલિકોને પરત કરવામાં આવી છે. જોકે, કાશ્મીરી પંડિતોનું કહેવું છે કે હજુ પણ હજારો કનાલ જમીન તેમજ મંદિરની ટ્રસ્ટની મિલકતો પર ગેરકાયદેસર કબજા છે, જ્યાં અત્યારે મોટી હોસ્પિટલો અને શોપિંગ મોલ બની ગયા છે. તેને પાછી લાવવી અત્યંત જરૂરી છે.

ખીણનું વાતાવરણ હવે ઘણું શાંત છે અને પંડિતોને સ્થાનિક મુસ્લિમ બિરાદરોનો પણ મોટો ટેકો મળી રહ્યો છે. તાજેતરમાં જ શ્રીનગરનું રઘુનાથ મંદિર ૩૬ વર્ષ પછી ફરીથી ભક્તો માટે ખોલવામાં આવ્યું છે. ભાજપના પ્રવક્તા અલ્તાફ ઠાકુરે આ પગલાને બિરદાવતા કહ્યું કે સરકારે જે જમીન મેળવી છે તેની યાદી જાહેર કરવી જોઈએ કે તે કોને મળી. સાથે જ ગેરકાયદે ઈમારતો સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવી જોઈએ. કલમ ૩૭૦ હટાવ્યા પછી કાશ્મીરમાં ૩૦૦થી વધુ જર્જરિત મંદિરોનું પુનઃનિર્માણ કરાયું છે. સરકાર અને સ્થાનિક મુસ્લિમો પણ પંડિતોની વતન વાપસીની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.

# ન્યાયિક અધિકારીઓને ૯ કલાક સુધી બંધક બનાવવા મામલે પં.બંગાળ સરકારને સુપ્રિમ કોર્ટનો ઠપકો

**કાયદો હાથમાં લેવાની મંજૂરી કોઈને આપી શકાય નહી : સુપ્રિમ**



પશ્ચિમ બંગાળ,તા.૦૨

પશ્ચિમ બંગાળના માલદામાં ન્યાયિક અધિકારીઓને ૯ કલાક સુધી બંધક બનાવવાના મામલે સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારને સખત ઠપકો આપ્યો છે. કોર્ટે આ ઘટનાને ન્યાયિક પ્રક્રિયામાં વિક્ષેપ પાડવાનું અને અધિકારીઓનું મનોબળ તોડવાનું એક ‘પૂર્વયોજિત અને પ્રેરિત કાવતરું’ ગણાવ્યું છે.

મુખ્ય ન્યાયાધીશે વહીવટીતંત્રની નિષ્ફળતા પર નારાજગી વ્યક્ત કરતા કહ્યું કે કાયદો હાથમાં લેવાની મંજૂરી કોઈને આપી શકાય નહીં. કોર્ટે ન્યાયિક અધિકારીઓની સુરક્ષા માટે કેન્દ્રીય દળો તૈનાત કરવાનો આદેશ આપ્યો છે. આ સાથે જ બંગાળના ઉચ્ચ અધિકારીઓને કારણદર્શક નોટિસ ફટકારીને સમગ્ર ઘટનાની તપાસ CBI અથવા NIA પાસે કરાવી રિપોર્ટ સોંપવા જણાવ્યું છે.





# જગ્ગી હત્યા કેસમાં અમિત જોગીને ત્રણ અઠવાડીયામાં આત્મસમર્પણ કરવા છત્તીસગઢ હાઈકોર્ટનો આદેશ



છત્તીસગઢ,તા.૦૨

છત્તીસગઢ હાઈકોર્ટે ૨૦૦૩ના રામાવતાર જગ્ગી હત્યા કેસમાં મોટો ચુકાદો આપ્યો છે. કોર્ટે પૂર્વ મુખ્યમંત્રી અજિત જોગીના પુત્ર અમિત જોગીને દોષિત જાહેર કરીને ત્રણ અઠવાડિયામાં આત્મસમર્પણ કરવાનો આદેશ આપ્યો છે. આ અગાઉ નીચલી અદાલતે પુરાવાના અભાવે તેમને નિર્દોષ છોડ્યા હતા, પરંતુ સીબીઆઈની ૧૧,૦૦૦ પાનાની ચાર્જશીટ અને પુરાવાઓને આધારે હાઈકોર્ટે આ આકરો નિર્ણય લીધો છે. અમિત જોગીએ આ ચુકાદા સામે અસંતોષ વ્યક્ત કર્યો છે.



### સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઈને ભાજપ કાર્યકરોમાં ઉમંગ અને ઉત્સાહ

# અમરેલી ભાજપ કચેરીએ દાવેદારોનો ધસારો

અમરેલી,તા.૦૨

અમરેલી જિલ્લામાં સ્થાનિક સ્વરાજની આવનારી ચૂંટણીને લઈને રાજકીય માહોલ ગરમાયો છે. રાજ્ય ચૂંટણી પંચ દ્વારા ચૂંટણીની જાહેરાત થયા બાદ ભારતીય જનતા પાર્ટી દ્વારા ઉમેદવારી માટે સેન્સ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. અમરેલી જિલ્લા ભાજપ કચેરી, ગાંધી ધર્મશાળા સાવરકુંડલા અને ધારી ખાતે અલગ અલગ સ્થળોએ આ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.





આ પ્રક્રિયામાં મોટી સંખ્યામાં કાર્યકરો, સામાજિક આગેવાનો, સેવાભાવી સંસ્થાના પ્રતિનિધિઓ તેમજ યુવાનો ઉપસ્થિત રહી પોતાની દાવેદારી નોંધાવી રહ્યા છે. સવારે શરૂ થયેલી પ્રક્રિયા મોડી રાત સુધી ચાલી હતી, જેમાં નિરીક્ષકો દ્વારા દરેક દાવેદારની વાત ધ્યાનપૂર્વક સાંભળવામાં આવી હતી.

જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીના માર્ગદર્શન હેઠળ મહામંત્રી મયુરભાઈ માંજરીયા, રાજુભાઈ ભૂતૈયા, ચેતનભાઈ શિયાળ સહિત જિલ્લા ટીમે સમગ્ર વ્યવસ્થા સુચારુ રીતે સંભાળી હતી તેમ મીડિયા કન્વીનર વિપુલ ભટ્ટીએ જણાવ્યું હતું.

# અમરેલી તાલુકા પંચાયત વડેરા બેઠક માટે ગીતાબેન માંડણકાએ દાવેદારી નોંધાવી

**દાવેદારી નોંધાવતા મતદારોમાં અનેરો ઉત્સાહ**



અમરેલી, તા. ૦૨

અમરેલી તાલુકા પંચાયતની ૧૬ વડેરા બેઠક માટે નવા ખીજડીયા ગામના વતની અને નિકુલ માંડણકાના માતા ગીતાબેન રમેશભાઈ માંડણકાએ ભારતીય જનતા પાર્ટી (ભાજપ) તરફથી ઉમેદવારી માટે દાવેદારી નોંધાવી છે. પક્ષ દ્વારા ઉમેદવારી જાહેર થવાની પ્રક્રિયા ચાલી રહી છે, ત્યારે તેમની દાવેદારીએ મજબુત ઉમેદવાર આપ્યા છે.

# ઢોલરવા ગામના વૃધ્ધે જીવતા સમાધી લેવાની વાત કરતા વિજ્ઞાન જાથાએ તૂત અટકાવ્યુ

અમરેલી,તા.૦૨

અમરેલી જિલ્લાના ઢોલરવા ગામે ધર્મના નામે ચાલી રહેલા એક મોટા પાખંડનો પર્દાફાશ થયો છે. ગામના રહેવાસી અરજણભાઈ રુડાભાઈ ખુમાણે અગાઉ જાહેરાત કરી હતી કે, તેઓ ૧ એપ્રિલના રોજ સવારે ૯ થી ૧૧ વાગ્યા દરમિયાન સ્વેચ્છાએ પોતાના પ્રાણનો ત્યાગ કરશે. આ જાહેરાત બાદ અંધશ્રધ્ધાના વશમાં આવીને લોકો તેમના આશીર્વાદ લેવા માટે ઉમટી પડ્યા હતા. જોકે, આ ઘટનાની જાણ થતાં જ ભારત જન વિજ્ઞાન જાથાના ચેરમેન એડવોકેટ જયંત પંડ્યા અને સ્થાનિક પોલીસની ટીમ સમયસર સક્રિય થઈ ગઈ હતી.



વિજ્ઞાન જાથાએ તંત્રને રજૂઆત કરી હતી કે આવી ઘટનાઓ પાછળ ઘણીવાર મોટું આર્થિક ષડયંત્ર હોય છે, જેમાં વ્યક્તિને ઝેરી પદાર્થ આપી મારી નાખવામાં આવે છે અને બાદમાં ત્યાં ડેરી બનાવીને અંધશ્રધ્ધાના નામે કમાણી કરવામાં આવે છે. સદનસીબે, પોલીસ અને વિજ્ઞાન જાથાની ત્વરિત દખલગીરીને કારણે આ ગંભીર તૂત અટકી ગયું છે.

# બગસરાના નાના મુંજીયાસર ગામે પ્રાથમિક શાળા અને પેટા આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ

બગસરા,તા.૦૨

બગસરાના નાના મુંજીયાસર ગામે નવનિર્મિત પ્રાથમિક શાળા (અંદાજિત ખર્ચ ૮૩.૬૦ લાખ) તેમજ પેટા આરોગ્ય કેન્દ્ર (અંદાજિત ખર્ચ ૩૬ લાખ)નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ તકે ધારી-બગસરા ધારાસભ્ય જે.વી. કાકડીયા, અમરેલી જિલ્લા ભાજપ ઉપપ્રમુખ મનોજભાઈ મહીડા, બગસરા તાલુકા ભાજપ પ્રમુખ પ્રદીપભાઈ ભાખર, મહામંત્રી પ્રકાશભાઈ પરમાર, પૂર્વ મહામંત્રી ખોડાભાઈ સાવલિયા તેમજ નાના મુંજીયાસર સરપંચ પરષોત્તમભાઈ વઘાસીયા ઉપસ્થિત રહ્યા. આ ઉપરાંત મનસુખભાઈ ક્યાડા, મગનભાઈ ધોરાજીયા, ધીરૂભાઈ દેવમુરારી અને ગ્રામજનો પણ ઉપસ્થિત રહ્યા.



તસવીર : હાર્દિક બામટા

### પોતાનો વિસ્તાર છોડી બીજા વોર્ડમાં ચૂંટણી લડવા આગેવાનોને અભરખા જાગ્યા

# બગસરા પાલિકા માટે ભાજપની સેન્સ પ્રક્રિયામાં દાવેદારોનો રાફડો ફાટ્યો

બગસરા, તા. ૦૨

બગસરા નગરપાલિકા માટે ગુરૂવારના રોજ ધારી બ્રહ્મસમાજની વાડી ખાતે ભાજપની સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં ચૂંટણી લડવા માટે દાવેદારોનો રાફડો ફાટ્યો હતો. જો કે ભાજપમાં કોંગ્રેસના અમુક આગેવાનોએ પણ મન બનાવ્યુ હોવાથી આવા આગેવાનોને જાકારો આપવા માટે ભાજપ કાર્યકરો એકજૂટ થયા હોવાનુ સામે આવ્યુ છે. બગસરા નગરપાલિકા માટે ચૂંટણી પ્રક્રિયાની સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. બગસરા પાલિકામાં ભાજપમાંથી ચૂંટણી લડવા કોંગ્રેસ, આપ સહિતના અન્ય પક્ષોનો બહોળો અનુભવ ધરાવતા આગેવાનો પણ મેદાનમાં ઉતર્યા હતા. ગત વર્ષે ભાજપને ભાંડનારા આગેવાનો હવે ભાજપમાંથી ચૂંટણી લડવા માટેની તૈયારી કરતા હોવાની ચર્ચાઓ શરૂ થતા ભાજપ કાર્યકરોમાં છાનેખૂણે રોષ ફેલાયો છે. શહેરમાં પાલિકાએ કમરતોડ વેરા ઝીંક્યા બાદ મૂકતમાશો જોતા આગેવાનોને હવે ચૂંટણી લડવાના અભરખા જાગ્યા છે તો અન્ય વોર્ડના મતદાર હોવાછતાં કોઈપણ ભોગે ભાજપની ટિકિટ લઈ ચૂંટણી લડવા માટે તત્પરતા દાખવતા આગેવાનોને સ્થાનિક ભાજપ કાર્યકરોએ જાકારો આપવાનું મન બનાવ્યું છે. બગસરા નગરપાલિકાના ૭ વોર્ડમાંથી કુલ ૧૧૮ દાવેદારોએ સેન્સ આપી હતી ત્યારે ભાજપ વફાદાર કાર્યકર્તાઓને ટિકિટ આપે છે કે આયાતી દાવેદારને પસંદ કરે છે તે જોવાનુ રહ્યું.



# થોરડીમાં 'ગાય આધારિત ગ્રામ સ્વરાજ' વિષય પર વિશેષ પૂનમ મીટિંગ યોજાઈ

સાવરકુંડલા,તા. ૦૨

સાવરકુંડલા તાલુકાના થોરડી સ્થિત લોકવિદ્યા મંદિર ખાતે તાજેતરમાં શ્રી કુંડલા તાલુકા ગ્રામ સેવા મંડળ અને લોકસેવક સંઘના સંયુક્ત ઉપક્રમે 'ગાય આધારિત ગ્રામ સ્વરાજ' વિષય પર વિશેષ 'પૂનમ મીટિંગ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવી હતી. ત્યારબાદ ઉપસ્થિત અતિથિઓનું સૂતરની આંટી અને કંકુ-ચોખાથી ભાવભર્યું સ્વાગત કરાયું હતું. આ પ્રસંગે પ્રાર્થના બાદ પ્રાકૃતિક ખેતીના મહત્વ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. જેમાં ખેતી અને પશુપાલનના સમન્વય થકી ભારતને ફરી 'સોનાની ચીડિયા' બનાવવાના માર્ગ પર ગહન ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. આ કાર્યક્રમ ગ્રામીણ ઉત્થાન માટે ખૂબ પ્રેરણાદાયી રહ્યો હતો.



# રાજુલાની દેવકા વિદ્યાપીઠમાં પૂ. ભાઈશ્રીની નિશ્રામા 'કાવ્યહેલી' કવિસંમેલન યોજાયુ

રાજુલા,તા.૦૨

રાજુલા તાલુકાના દેવકા ગામે દેવકા વિદ્યાપીઠના ગ્રાઉન્ડમાં પ. પૂ. ભાઈશ્રી રમેશભાઈ ઓઝાની નિશ્રામાં 'કાવ્યહેલી' કવિ સંમેલન GTPL ગુજરાતી, સૌરભ સંસ્થાન રાજુલા તથા દેવકા વિધ્યાપીઠના સંયુક્ત ઉપક્રમે તા ૩૧ માર્ચના સાંજે યોજાયું હતું. કવિ સંમેલનનો પ્રારંભ પ. પૂ. ભાઈશ્રી તથા ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના હસ્તે દીપ પ્રાગટ્યથી થયું હતું. વિદ્યાપીઠના પ્રિન્સીપાલ બેલાબેન નાયકે આવકાર પ્રવચન, પ્રાસંગિક પ્રવચન લોકસાહિત્ય સેતુ અમરેલીના પ્રમુખ ઈતેષભાઈ મહેતાએ કર્યુ હતું. આ કાર્યક્રમમાં અમદાવાદ GTPLગુજરાતીના ચેનલ હેડ જયેન્દ્ર મીલવાર ચીફ ગેસ્ટ તરીકે, વિદ્યાપીઠના ટ્રસ્ટી ગૌતમભાઈ ઓઝા, સૌરભ સાહિત્ય સંસ્થાનના પ્રમુખ શશિભાઈ રાજ્યગુરુ, 'કાવ્યહેલી' કાર્યક્રમના પ્રોગ્રામ ડિરેક્ટર શૈલેષ પંડ્યા કવિ 'ભીનાશ' ઉપસ્થિત રહ્યા હતા.



તસવીર : ગોપાલ રાઠોડ

# લાઠીમાં ભંગારના ડેલામાં આગ લાગતા લાખો રૂપિયાનું નુકસાન

અમરેલી,તા.૦૨

લાઠી શહેરમાં ગાંગડિયા નદીના કાંઠે આવેલા એક ભંગારના ડેલામાં અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી. આ દુર્ઘટનામાં અંદાજે રૂ.૪ થી ૫ લાખનું મોટું નુકસાન થયું હોવાનો અંદાજ છે. પ્રાથમિક વિગતો મુજબ, ડેલામાંથી અચાનક ધુમાડાના ગોટેગોટા નીકળવા લાગ્યા હતા અને જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આ દ્રશ્ય જોઈને આસપાસના લોકો તાત્કાલિક મદદ માટે ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. સ્થાનિક રહીશોએ આ કટોકટીની સ્થિતિ અંગે તાત્કાલિક નગરપાલિકાને જાણ કરી હતી. જોકે, પાલિકાનું મુખ્ય ફાયર ફાઈટર છેલ્લા ઘણા સમયથી બંધ હાલતમાં પડ્યું હોવાની હકીકત સામે આવતા લોકોમાં ભારે નારાજગી અને રોષ જોવા મળ્યો હતો. તંત્રની આ ઘોર બેદરકારી વચ્ચે આગ પર કાબૂ મેળવવા માટે અંતે નગરપાલિકાના સાદા પાણીના બંબા બોલાવવાની ફરજ પડી હતી. સ્થાનિકો અને તંત્રએ કલાકોની ભારે જહેમત બાદ પાણીનો સતત મારો ચલાવીને આગને માંડ-માંડ નિયંત્રણમાં લીધી હતી. આગ સંપૂર્ણ કાબૂમાં આવે તે પહેલા જ ડેલામાં રાખેલો મોટાભાગનો કીમતી ભંગાર બળીને ખાખ થઈ ગયો હતો. સદનસીબે આ ગંભીર ઘટનામાં કોઈ જાનહાનિ નોંધાઈ નથી, પરંતુ શોર્ટ સર્કિટ કે અન્ય કોઈ કારણોસર આગ લાગી તે હજુ સુધી જાણી શકાયું નથી.











### રોડના કામનો નમૂનો નિષ્ફળ ગયા બાદ

# અમરેલી કોલેજ રોડ આખો નવો બનાવવાને બદલે થીંગડાનું કામ ચાલુ

અમરેલી,તા.૦૨

અમરેલી શહેરમાં આર્ટસ કોલેજ સામે કરોડો રૂપિયાના ખર્ચે બની રહેલા સીસી રોડના કામમાં ભ્રષ્ટાચાર થયો હોવાનું સામે આવતા ખળભળાટ મચી ગયો છે. તાજેતરમાં લેવાયેલા રોડના ગુણવત્તાના સેમ્પલ પરીક્ષણમાં નાપાસ થતાં સ્થાનિક તંત્ર અને કોન્ટ્રાક્ટરની મિલીભગત સામે આવી છે.



નિયમ મુજબ આખો રોડ નવો બનાવવાનો હતો, પરંતુ કોન્ટ્રાક્ટર દ્વારા ચાલાકી વાપરીને આખો રોડ કરવાને બદલે અમુક ચોક્કસ સ્થળોએ જ થીગડા મારવા જેવું કામ શરૂ કરી દેવાયું છે. આ અધૂરી અને નબળી કામગીરીને લીધે સરકારના લાખો રૂપિયા પાણીમાં ગયા હોવાની લોકોમાં ચર્ચા થઈ રહી છે.

રોડનું સેમ્પલ નિષ્ફળ ગયુ હોવાની ઘટના બહાર આવ્યા પછી સ્થાનિકો અને જાગૃત નાગરિકોમાં ઉગ્ર આક્રોશ ફેલાયો છે. લોકો દ્વારા માંગ કરવામાં આવી છે કે આ નબળું કામ કરનારી જવાબદાર કંપનીને તાત્કાલિક બ્લેકલિસ્ટ કરવામાં આવે. આ ઉપરાંત સરકારી નાણાંનો વેડફાટ કરનારા જવાબદારો સામે કડક કાયદાકીય કાર્યવાહી હાથ ધરવાની માંગ પણ જોરશોરથી ઉઠી રહી છે.

હાલના તબક્કે રોડ તોડવાની કામગીરી ચાલુ થઈ છે, પરંતુ હવે પછી ખરેખર મજબૂત અને ગુણવત્તાવાળો રોડ બનશે કે કેમ તે બાબતે લોકોમાં અનેક સવાલો અને શંકાઓ સેવાઈ રહી છે.

# અમરેલી જિલ્લા પ્રા.શાળાનો છુટવાનો સમય અડધો કલાક વહેલો કરાયો

અમરેલી,તા.૦૨

અમરેલી જિલ્લામાં ઉનાળાના પ્રારંભે જ તાપમાનનો પારો ઊંચકાવા લાગ્યો છે. આ આકરી ગરમીને ધ્યાનમાં રાખીને જિલ્લાની પ્રાથમિક શાળાઓના સમયમાં અડધો કલાકનો ઘટાડો કરવાનો એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. આ ફેરફાર મુજબ, હવે વિદ્યાર્થીઓને બપોરે ૧૨:૩૦ વાગ્યાના બદલે ૧૨:૦૦ વાગ્યે જ રજા આપી દેવામાં આવશે.સામાન્ય રીતે એપ્રિલ મહિનાથી જ પ્રાથમિક શાળાઓનો સમય સવારનો કરી દેવામાં આવે છે, પરંતુ આ વર્ષે નિયત સમય મુજબ શાળાઓમાંથી છૂટવાનો સમય બપોરે ૧૨:૩૦ વાગ્યાનો રાખવામાં આવ્યો હતો. ભરબપોરે કાળઝાળ તડકામાં નાના



બાળકોને ઘરે પહોંચવામાં ભારે મુશ્કેલી પડતી હોવાથી વાલીઓ અને બાળકો ચિંતિત હતા.આ સમસ્યાના નિવારણ માટે અમરેલી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. જેમાં સંઘના અગ્રણીઓએ વિદ્યાર્થીઓના હિતમાં સમય ઘટાડવાની પ્રબળ માંગ કરી હતી. આ ન્યાયિક રજૂઆતને ગંભીરતાથી લઈને શિક્ષણ સમિતિ દ્વારા આ રાહત આપતો નિર્ણય લેવામાં આવ્યો છે.

# બાબરાની અનમોલ પાર્ક સોસાયટીમાં હઠીલા હનુમાનજીની મૂર્તિ સ્થાપના : હનુમાન જયંતિએ ભક્તિમય માહોલ

બાબરા,તા.૦૨

બાબરા શહેરની અનમોલ પાર્ક સોસાયટીમાં હનુમાન જયંતિના પાવન અવસરે હઠીલા હનુમાનજીના મંદિરમાં મૂર્તિ સ્થાપનનો ભવ્ય કાર્યક્રમ સોસાયટીના રહીશો દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સોસાયટીના તમામ રહીશોએ એકત્રિત થઈ શાસ્ત્રોક્ત વિધિ મુજબ પૂજા-પાઠ, હનુમાન ચાલીસાના પાઠ અને વૈદિક મંત્રોચ્ચાર સાથે હનુમાનજીની મૂર્તિની સ્થાપના કરી હતી. મૂર્તિ સ્થાપનાના આ કાર્યક્રમ



તસવીર : દિપક કનૈયા

દરમિયાન સમગ્ર સોસાયટીમાં ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું. રહેવાસીઓએ શ્રધ્ધાપૂર્વક હનુમાન ચાલીસાના પાઠ કરી સમગ્ર પરિસરને આધ્યાત્મિક રંગમાં રંગી દીધું હતું. આ પાવન દિવસે સૌ રહીશોએ એકમત થઈ હનુમાનજી પ્રત્યેની પોતાની અતૂટ ભક્તિ વ્યક્ત કરી હતી. મૂર્તિ સ્થાપનાની વિધિ પૂર્ણ થયા બાદ પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું, જેમાં તમામ રહીશોએ ઉત્સાહપૂર્વક અને આનંદપૂર્વક ભાગ લીધો હતો. આ આયોજન દ્વારા અનમોલ પાર્ક સોસાયટીમાં ભક્તિ અને એકતાનો સુંદર સંદેશ પ્રગટ થયો હતો.

# બગસરાના શીલાણા ગામે રૂ.૩૬ લાખના ખર્ચે નવનિર્મિત પેટા આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ

બગસરા,તા.૦૨

બગસરા તાલુકાના શીલાણા ગામ ખાતે અંદાજિત રૂ.૩૬ લાખના ખર્ચે નિર્માણ પામેલા પેટા આરોગ્ય કેન્દ્રનું વિધિવત લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ નવનિર્મિત કેન્દ્રને ખુલ્લું મૂકવાની સાથે જ હવે ગ્રામ્ય સ્તરે આરોગ્યની સુવિધાઓ વધુ સુદ્રઢ બનશે અને લોકોને સ્થાનિક કક્ષાએ જ સારવાર મળી રહેશે.



તસવીર : હાર્દિક બામટા

આ લોકાર્પણ પ્રસંગે ધારી-બગસરા વિસ્તારના ધારાસભ્ય જે.વી. કાકડિયા, અમરેલી જિલ્લા ભાજપ ઉપપ્રમુખ મનોજભાઈ મહીડા, બગસરા તાલુકા ભાજપ પ્રમુખ પ્રદીપભાઈ ભાખર તેમજ ધારી વિધાનસભાના સોશિયલ મીડિયા ઈન્ચાર્જ હરેશભાઈ ખેતાણી અને દિલીપભાઈ ગોધાણી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન શીલાણા ગામના સરપંચ જગદીશભાઈ ચાવડા, ઉપસરપંચ કનુભાઈ વાળા તેમજ ગામના અન્ય આગેવાનો અને ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આરોગ્ય સેવાઓ સુલભ બનતા ગ્રામજનોમાં હર્ષની લાગણી જોવા મળી હતી.

### સમગ્ર કોળી સમાજ એકત્રિત થઈ સંત વેલનાથ બાપુના જીવનમૂલ્યોને યાદ કર્યા

# સંત શ્રી વેલનાથ બાપુની પુણ્યતિથિ નિમિત્તે સાવરકુંડલામાં ભવ્ય શોભાયાત્રા

**શ્રધ્ધા અને એકતાના દર્શન સાથે શહેર ગુંજી ઉઠ્યું**

સાવરકુંડલા,તા.૦૨

સાવરકુંડલા તાલુકા શહેરમાં સંત શ્રી વેલનાથ બાપુની



તસવીર : સૌરભ દોશી

પુણ્યતિથિ નિમિત્તે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શોભાયાત્રા વેલનાથ વાડી, ભુવા રોડ પરથી રાજમાર્ગે પ્રસ્થાન કરી શહેરના વિવિધ વિસ્તારોમાં ફરતી હતી. સમગ્ર શહેરમાં "જય વેલનાથ"ના ગુંજતા નાદથી આધ્યાત્મિક માહોલ સર્જાયો હતો.

આ શોભાયાત્રામાં કોળી સમાજના ભાઈઓ અને બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ શ્રધ્ધા વ્યક્ત કરી હતી. પરંપરાગત વેશભૂષા, ધાર્મિક ધ્વજ અને ભજન-કીર્તન સાથે યાત્રા ભવ્યતા અને ભક્તિભાવનું અનોખું દૃશ્ય રજૂ કરતી હતી. કાર્યક્રમનું નેતૃત્વ સાવરકુંડલા કોળી સમાજના પ્રમુખ બટુકભાઈ ઉનાવા, ઉપપ્રમુખ મુકેશભાઈ દુબાણીયા તેમજ સમાજના આગેવાનો હસુભાઈ ચાવડા, કમલેશભાઈ રાનેરા, બાલાભાઈ અને દિનેશભાઈ વેલનાથે સંભાળ્યું હતું.

આ પ્રસંગે સમગ્ર કોળી સમાજ એકત્રિત થઈ સંત વેલનાથ બાપુના જીવનમૂલ્યોને યાદ કર્યા અને તેમના આદર્શોને જીવનમાં ઉતારવાનો સંકલ્પ કર્યો. કાર્યક્રમ શ્રધ્ધા, એકતા અને સામાજિક સૌહાર્દનું સુંદર પ્રતિક બની રહ્યો હતો.

### તબિયત નરમ-ગરમ રહેતા

# ધારી તાલુકાના શીવડ ગામે ઝેરી દવા પીતા વૃધ્ધનું મોત

**ધારીના યુવકે ઝેરી દવા પીતા સારવારમાં ખસેડાયો**

ધારી, તા.૦૨

ધારીના શીવડ ગામે ઝેરી દવા પીતા વૃધ્ધનું મોત થયું હતું. આ અંગે ગોવિંદભાઈ શામજીભાઈ સીસણાદા (ઉ.વ.૩૦) એ જાહેર કર્યા મુજબ, શામજીભાઈ વાલજીભાઈ સીસણાદા (ઉ.વ.૬૦)ની તબિયત છેલ્લા પાંચ વર્ષથી સારી રહેતી નહોતી. છેલ્લા દોઢેક મહિનાથી માનસીક બીમારી હોવાથી પોતાની મેળે ખડમાં નાખવાની ઝેરી દવા પી જતાં મોત થયું હતું. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ આર. એમ. વાળા વધુ તપાસ કરી રહ્યા છે. ધારીમાં એક યુવકે અગમ્ય કારણોસર ઝેરી દવા પીતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો.




### અવસાન નોંધ

**રાજકોટ**

સ્વ.ભુપતભાઈ પરષોત્તમભાઈ જગડા (ઉ.વ.૭૩)નું તા.૨૮/૦૩/૨૦૨૬ને શનિવારના રોજ શ્રીજી ચરણ પામેલ છે. તે ભાનુમતીબેનના પતિ તેમજ હસમુખભાઈ તથા ઈલાબેન તેમજ પારૂલબેનના પિતાશ્રી અને રાજીતાના સસરા અને ધ્વનિના દાદા થાય છે.







### -//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં//-

જન્મ રજી.નં.૪૧/૨૦૨૬

શ્રી ફારૂકભાઈ બચુભાઈ સોલંકી
રહે.પાંચતલાવડા તા.લીલીયા જિ.અમરેલી
.........અરજદાર

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી, પાંચતલાવડા ........સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી ફારૂકભાઈ બચુભાઈ સોલંકીનો પોતાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૪ના રોજ પાંચતલાવડા મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૪/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

### -//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં//-

જન્મ રજી.નં.૪૩/૨૦૨૬

શ્રી સોલંકી સબાનાબેન મુસાભાઈ વા/ઓ ઈસ્માઈલભાઈ બીલખીયા
રહે.૩૧૦, મસ્જિદ સામે, સાનોદર, ભાવનગર, ગુજરાત-૩૬૪૦૫૦
.........અરજદાર

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી-પાંચતલાવડા ........સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી સોલંકી શબાનાબેન મુસાભાઈ નો પોતાનો જન્મ તા.૦૫/૦૨/૧૯૮૦ના રોજ પાંચતલાવડા મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૪/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

### -//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં//-

જન્મ રજી.નં.૪૦/૨૦૨૬

શ્રી મલેક મહેબુબભાઈ બચુભાઈ
રહે. પાંચતલાવડા તા. લીલીયા જિ. અમરેલી .........અરજદાર

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી-પાંચતલાવડા ........સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી મલેક મહેબુબભાઈ બચુભાઈ નો પોતાનો જન્મ તા.૦૧/૦૧/૧૯૬૭ ના રોજ પાંચતલાવડા મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૪/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

### -//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં//-

જન્મ રજી.નં.૩૮/૨૦૨૬

શ્રી સોલંકી યુસુફભાઈ લાડજીભાઈ
રહે. પાંચતલાવડા તા. લીલીયા જિ. અમરેલી .........અરજદાર

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી-પાંચતલાવડા ........સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી સોલંકી યુસુફભાઈ લાડજીભાઈ નો પોતાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૮ના રોજ પાંચતલાવડા મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૪/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

રાજયમંત્રી કૌશિક વેકરીયા, દિલીપ સંઘાણી, અશ્વિન સાવલીયા સહિતના આગેવાનોએ વિવિધ સ્ટોલ પર સેવા કરી

# લાઠીના ભુરખીયા ગામે હનુમાનભક્તો પગપાળા પહોંચ્યા

**સેવાભાવિ સંસ્થાઓ દ્વારા યાત્રિકો માટે ભોજન - નાસ્તાની વ્યવસ્થા કરાઈ**

અમરેલી,તા.૦૨

અમરેલી જિલ્લાના લાઠી તાલુકામાં આવેલું સુપ્રસિધ્ધ યાત્રાધામ ભુરખિયા હનુમાન મંદિર હજારો ભક્તોના આગમનથી જીવંત બન્યું હતું. દર વર્ષે પરંપરાગત રીતે યોજાતી આ ધાર્મિક યાત્રામાં આ વખતે પણ ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. મોડી રાતથી જ અમરેલી સહિત આસપાસના અનેક જિલ્લાઓમાંથી શ્રધ્ધાળુઓ પોતાની મનોકામનાઓ પૂર્ણ કરવાના ઉદ્દેશ્યથી પગપાળા ચાલીને દર્શનાર્થે પહોંચ્યા હતા. ભક્તોના હૃદયમાં રહેલી અતૂટ શ્રધ્ધાના કારણે લગભગ ૪૦ કિલોમીટર જેટલું લાંબું અંતર પણ સાવ સરળ બની ગયું હોય તેવું દ્રશ્ય સર્જાયું હતું. ભક્તોના સ્વાગત માટે આખા મંદિર પરિસરને રંગબેરંગી રોશની અને સુગંધિત તાજા ફૂલોથી કલાત્મક રીતે શણગારવામાં આવ્યું હતું, જે વાતાવરણમાં દિવ્યતા ઉમેરતું હતું. આ વિશાળ પદયાત્રામાં ચાલતા યાત્રિકોને કોઈ તકલીફ ન પડે તે માટે સેવાભાવી સંસ્થાઓએ ખૂબ જ સુંદર અને પ્રશંસનીય કામગીરી કરી હતી. રસ્તામાં ઠેર-ઠેર સેવા



કેમ્પો શરૂ કરવામાં આવ્યા હતા, જ્યાં શુધ્ધ પીવાનું પાણી, ઠંડા પીણાં અને પૌષ્ટિક નાસ્તાની ઉત્તમ વ્યવસ્થા વિનામૂલ્યે પૂરી પાડવામાં આવી હતી. આ ઉમદા સેવાયજ્ઞને પ્રોત્સાહિત કરવા માટે રાજ્ય કક્ષાના ઊર્જા અને કાયદા મંત્રી કૌશિક વેકરિયા, દિલીપ સંઘાણી, અશ્વિન સાવલીયાહ સહિતનાએ ખાસ મુલાકાત લીધી હતી. તેમણે વિવિધ સ્ટોલ પર જઈને સેવા આપતા યુવાનોનો ઉત્સાહ વધાર્યો હતો.આ પદયાત્રાની સૌથી અનોખી અને ગૌરવપૂર્ણ બાબત એ હતી કે તેમાં અમરેલી જિલ્લાનું પોલીસ વહીવટી તંત્ર પણ જોડાયું હતું. અમરેલીના એસ.પી. (SP) સંજય ખરાત અને ડી.વાય.એસ.પી. (DySP) ચિરાગ દેસાઈ સહિતના ઉચ્ચ અધિકારીઓ અને પોલીસ કર્મચારીઓ પોતાના પરિવાર સાથે સામાન્ય નાગરિકની જેમ પગપાળા ચાલીને દાદાના દર્શને પહોંચ્યા હતા. તેમણે કાયદો અને વ્યવસ્થાની જાળવણી સાથે પોતાની ધાર્મિક આસ્થા પણ પ્રગટ કરી હતી.મંદિરે પહોંચેલા ભક્તો માટે વ્યવસ્થાપકો દ્વારા સુંદર સાંસ્કૃતિક અને ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. મંદિર પરિસરમાં આખી રાત ભજન, કીર્તન અને લોક ડાયરાની રમઝટ જામી હતી. જાણીતા કલાકારોના અવાજે વાતાવરણને એકદમ ભક્તિમય બનાવી દીધું હતું. હનુમાનજીના દર્શન કરવા માટે વહેલી સવારથી જ લાંબી કતારો જોવા મળી હતી. શિસ્તબધ્ધ રીતે હજારો લોકોએ દાદાના ચરણોમાં શીશ નમાવી આશીર્વાદ મેળવ્યા હતા.

## અમરેલી સિટીમાંથી બે પીધેલા પકડાયા

**પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી**

અમરેલી, તા.૦૨

રાજ્યમાં દારૂબંધીના કડક અમલ વચ્ચે અમરેલી સિટી પોલીસે શહેરના વિવિધ વિસ્તારોમાં પેટ્રોલિંગ દરમિયાન નશો કરેલી હાલતમાં બે શખ્સોને ઝડપી પાડ્યા છે. પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, અમરેલી સિટી પોલીસની ટીમ જ્યારે પેટ્રોલિંગમાં હતી, ત્યારે આ બંને શખ્સો શંકાસ્પદ હાલતમાં મળી આવ્યા હતા. તેમની તપાસ કરતા તેઓ કેફી પીણું પીધેલી હાલતમાં હોવાનું જણાતા પોલીસે તેમની ધરપકડ કરી હતી. પોલીસે બંને વિરુધ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## બાબરા શહેરમાં નોટિસ બજાવવા ગયેલા પોલીસકર્મીઓને ગાળો ભાંડી ફરજમાં રૂકાવટ

બાબરા, તા.૦૨

બાબરામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને પડકારતી એક ઘટના સામે આવી છે, જેમાં પોલીસની કાયદેસરની ફરજમાં રૂકાવટ કરી પોલીસ કર્મચારીઓ પર હુમલો કરવામાં આવ્યો હતો. ગુનાના કામે નોટિસની બજવણી કરવા ગયેલા પોલીસ જવાન અને ફરિયાદી પર આરોપીએ હિંસક હુમલો કરતા ચકચાર મચી ગઈ હતી. આ અંગે પોલીસ કર્મચારી શીવાભાઈ કેશુભાઈ મકવાણા (ઉ.વ.૪૧)એ શ્યામભાઈ હિંમતભાઈ તેરૈયા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ બાબરા પોલીસ સ્ટેશનના કર્મચારી અનોપસિંહ ગગજીભાઈ સોલંકી જ્યારે આ કામના આરોપીને ગુના સંદર્ભે નોટિસ આપવા ગયા હતા, ત્યારે આરોપીએ ઉશ્કેરાઈને ગાળાગાળી શરૂ કરી હતી. માથાકૂટ વકરતા આરોપી પોલીસકર્મીને મારવા દોડ્યો હતો. આ અંગેની જાણ અનોપસિંહે તેમને કરતા તેઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા. જોકે, ઉશ્કેરાયેલા આરોપીએ તેમને પણ બિભત્સ ગાળો આપી હતી અને પોલીસની કાયદેસરની ફરજમાં અડચણ ઊભી કરી હતી. આટલેથી ન અટકતા, આરોપીએ ફરિયાદી અને સાહેદ અનોપસિંહ પર હુમલો કર્યો હતો. આ હુમલામાં ફરિયાદીને નાકના ભાગે તથા ગરદનના પાછળના ભાગે ઈજાઓ પહોંચી હતી. વધુમાં, હુમલા દરમિયાન ફરિયાદીના ડાબા હાથની ટચલી આંગળીની બાજુની આંગળીમાં ફ્રેક્ચર જેવી ગંભીર ઈજા થઈ હતી. બાબરા પોલીસ સ્ટેશનના પીએસઆઈ એ.એન.ગાંગણા વધુ તપાસ કરી રહ્યા છે.

## સાવરકુંડલામાં તલવાર સાથે ફરતા શખ્સને પોલીસે ઝડપી પાડ્યો

સાવરકુંડલા, તા.૦૨

અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા બહાર પાડવામાં આવેલા હથિયારબંધીના જાહેરનામાની અમલવારી વચ્ચે સાવરકુંડલામાં એક શખ્સ જાહેર રોડ પર તલવાર સાથે મળી આવતા પોલીસે તેની ધરપકડ કરી હતી. સાવરકુંડલામાં પોલીસ પેટ્રોલિંગ દરમિયાન હરેશભાઈ નનકુભાઈ મોટીયાર (ઉ.વ.૩૦) પોતાની પાસે પીતળના હાથાવાળી સ્ટીલની તલવાર રાખીને ફરતો ઝડપાયો હતો. જિલ્લામાં તા. ૨૫/૦૩/૨૦૨૬ થી તા. ૦૫/૦૪/૨૦૨૬ સુધી હથિયારબંધી લાગુ કરવામાં આવી છે. આ સમયગાળા દરમિયાન કોઈપણ ધારદાર કે જીવલેણ હથિયાર રાખવા પર પ્રતિબંધ હોવા છતાં આરોપી તલવાર સાથે મળી આવતા પોલીસે તેની સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## સ્વ.પ્રેમજીભાઈ ડોબરીયાનું નિધન થતા રાજયમંત્રી કૌશિક વેકરીયાએ સાંત્વના પાઠવી

કુંકાવાવ,તા.૦૨

અમરેલી જિલ્લાના કુંકાવાવ પંથકમાં વિવિધ સામાજિક સેવાઓ અને સંસ્થાઓ સાથે સક્રિયપણે જોડાયેલા અગ્રણી પ્રેમજીભાઈ ડોબરીયાનું દુઃખદ અવસાન થતા આ સમાચાર મળતા જ સમગ્ર વિસ્તારમાં ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ છે. તેમના નિધનના પગલે શોકમગ્ન ડોબરીયા પરિવારને સાંત્વના આપવા માટે રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયા કુંકાવાવ ખાતે તેમના નિવાસસ્થાને રૂબરૂ




પહોંચ્યા હતા. તેમણે શોકગ્રસ્ત પરિવારને આશ્વાસન પાઠવ્યું હતું. આ મુલાકાત દરમિયાન તેમની સાથે વસંતભાઈ મોવલીયા, દકુભાઈ ભુવા, કાળુભાઈ સુહાગીયા અને રાજુભાઈ ફીણવીયા,અરજણભાઈ કોરાટ પણ જોડાયા હતા. આ ઉપરાંત એ. બી. કોઠીયા અને ચિરાગભાઈ ગજેરા સહિતના અન્ય સ્થાનિક રાજકીય અને સામાજિક આગેવાનો હાજર રહ્યાં હતા.

## જાફરાબાદ તાલુકાના વધુ ત્રણ ગામ સીસીટીવી કેમેરાથી સુરક્ષિત કરાયા

જાફરાબાદ,તા.૦૨

જાફરાબાદ તાલુકાના લોઠપુર, બાબરકોટ અને વાંઢ ગામોમાં સુરક્ષા વ્યવસ્થા વધુ સઘન બને તે હેતુથી અલ્ટ્રાટેક સિમેન્ટ દ્વારા સીએસઆર કાર્યક્રમ અંતર્ગત જાહેર સ્થળોએ સીસીટીવી કેમેરા સ્થાપિત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત કોઈપણ પ્રકારની અનિચ્છનીય ઘટનાઓને અટકાવવામાં પણ સ્થાનિક તંત્રને પૂરતી સહાય મળી રહેશે.વાંઢ પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓની સુરક્ષા તથા શાળાના



શૈક્ષણિક વાતાવરણની ગરિમા જળવાઈ રહે તે માટે સીસીટીવી સિસ્ટમ ગોઠવવામાં આવી છે. આ કેમેરા લગાવવાના કારણે શાળા પરિસરમાં થતી તમામ પ્રવૃત્તિઓ અને લોકોની આવનજાવન પર સતત નજર રાખી શકાશે.

## અમરેલી જિલ્લામાં આવશ્યક ચીજવસ્તુઓનો પૂરતો જથ્થો ઉપલબ્ધ

અમરેલી, તા.૦૨

જિલ્લામાં વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પેટ્રોલ, ડીઝલ, એલપીજી, પીએનજી, ખાદ્ય અનાજ અને ખાતર સહિતની તમામ આવશ્યક ચીજવસ્તુઓનો પૂરતો જથ્થો ઉપલબ્ધ હોવાનું જિલ્લા વહીવટી તંત્રએ જણાવ્યું છે. તમામ ચીજવસ્તુઓની સપ્લાય ચેઈન અને ઉપલબ્ધતાનું સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે, જેથી નાગરિકોને કોઈ મુશ્કેલી ન પડે. જિલ્લા તંત્ર દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે સોશિયલ મીડિયા અથવા અન્ય માધ્યમોમાં ફેલાતી ખોટી અફવાઓ અને ભ્રામક માહિતી પર વિશ્વાસ ન રાખે. બિનજરૂરી ભીડ કરવી કે ગભરાટમાં આવીને ખરીદી (પેનિક બાયિંગ) કરવાથી દૂર રહેવું જોઈએ. તંત્રએ વધુમાં ચેતવણી આપી છે કે કોઈપણ વેપારી દ્વારા સંગ્રહખોરી, કાળાબજારી અથવા નિયત ભાવ કરતાં વધુ વસૂલી કરવામાં આવશે તો તેમના સામે કડક કાયદેસરની કાર્યવાહી હાથ ધરાશે.

**તમામ ચીજવસ્તુઓની સપ્લાય ચેઇન અને ઉપલબ્ધતાનું સતત મોનિટરિંગ**

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: પડવો
તા.૦૩-૦૪-૨૦૨૬, શુક્રવાર, સૂર્યોદય-૦૬:૩૪,
સૂર્યાસ્ત-૦૬:૫૧, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ચિત્રા

## દૈનિક રાશિફળ

તા.૦૩-૦૪-૨૦૨૬ શુક્રવાર

મેષ: તમને કોઈ અનુભવી વ્યક્તિનો સહયોગ મળશે, જેનાથી તમારા મનમાં છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલા કોઈપણ સંઘર્ષનો અંત આવશે.

વૃષભ: થોડો સમય મનોરંજનની પ્રવૃત્તિઓમાં પણ વિતાવો. તેનાથી માનસિક અને શારીરિક ઉર્જા જળવાઈ રહેશે.

મિથુન: જો સ્થળાંતર સંબંધિત કોઈ વિચાર છે, તો કામમાં વિશેષ કાળજી લેવી જોઈએ, અને કોઈપણ લેણાં મળ્યા પછી નાણાકીય સ્થિતિમાં સુધારો થશે.

કર્ક: છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલા પારિવારિક વિવાદોના સમાધાનને કારણે ઘરમાં આરામ અને શાંતિનું વાતાવરણ રહેશે.

સિંહ: આ સમયે ગ્રહોનું સંક્રમણ તમારી કાર્ય ક્ષમતા અને ક્ષમતામાં વધારો કરી રહ્યું છે. નજીકના લોકો સાથે મુલાકાતથી મનમાં પ્રસન્નતા રહેશે.

કન્યા: તમારા સંતુલિત વર્તનને કારણે સારી કે ખરાબ દરેક પરિસ્થિતિમાં યોગ્ય સંવાદિતા રહેશે.

તુલા: નવા પ્રોજેક્ટ અને પ્રવૃત્તિઓમાં તમારી રુચિ વધશે. પ્રગતિના નવા આયામો પણ પ્રાપ્ત થશે.

વૃશ્ચિક: ગ્રહોની સ્થિતિ સકારાત્મક હોવી જોઈએ. સ્ત્રીઓ માટે સમય ખૂબ જ અનુકૂળ છે. કાર્યોની જાગૃતિ તેમને સફળતા અપાવશે.

ધનુ: તમારી યોગ્ય કાર્યશૈલીને કારણે સમાજમાં તમારી ઓળખ થશે. અને સખત મહેનતનું સકારાત્મક પરિણામ પણ મળશે.

મકર: પરિવારમાં સુવ્યવસ્થા જાળવવા માટે તમે બનાવેલા નિયમોને કારણે ઘરમાં સુવ્યવસ્થિત અને શિસ્તબધ્ધ વાતાવરણ રહેશે.

કુંભ: કેટલાક સમયથી અટકેલા કાર્યો સરળતાથી ઉકેલી શકાય છે. માત્ર ઉતાવળમાં રહેવાને બદલે શાંતિથી મામલો પતાવવાનો પ્રયાસ કરો.

મીન: સંપર્કો દ્વારા વિશેષ માહિતી પ્રાપ્ત થશે, જે ફાયદાકારક સાબિત થશે. નાણાકીય સ્થિતિ સારી રહેશે.

## અમરેલી જિલ્લામાં બે જગ્યા પર વાહન ચાલકોએ રાહદારીને અડફેટે લીધા

અમરેલી, તા.૦૨

અમરેલી જિલ્લામાં અકસ્માતની વધુ બે ઘટના નોંધાઈ હતી. સાવરકુંડલા તાલુકાના ઓળીયા ગામે બેફામ દોડતા વાહને એક માસૂમ બાળકને અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. શેરીમાં રમી રહેલા બાળકને મોટર સાયકલ ચાલકે ગફલતભરી રીતે ઠોકર મારતા બાળકને ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ અંગે મુકેશભાઈ કાળુભાઈ બગડા (ઉ.વ.૩૫) એ પુનિતભાઈ મનુભાઈ પેથાણી સામે ફરિયાદ નોંધાવી હતી. ગત તારીખ ૧૪ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ સવારના આશરે સાડા દસેક વાગ્યે ઓળીયા ગામમાં આ ઘટના બની હતી. ફરિયાદીનો દીકરો ગામની શેરીમાં હતો, ત્યારે તે જ ગામના પુનિતભાઈ મનુભાઈ પેથાણીએ પોતાના હવાલાની મોટર સાયકલથી તેને ટક્કર મારી હતી.જેમાં જમણા હાથની કોણીના ભાગે ગંભીર ફ્રેક્ચર થયું હતું. ઈજાની ગંભીરતાને જોતા બાળકને ઓપરેશન કરાવવાની નોબત આવી હતી. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ એન.વી.શિયાળ વધુ તપાસ કરી રહ્યા છે. બીજી ઘટનામાં અમરેલીમાં રહેતા મયુરભાઈ ઉર્ફે લાલજી હિંમતભાઈ માલવીયા (ઉ.વ ૩૫) એ અજાણ્યા ફોર વ્હીલ ચાલક સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ તથા સાહેદ મોટર સાયકલ લઈને અમરેલી ખાતે સુર્યા ગાર્ડન તરફ જતા હતા તે દરમ્યાન સામેથી એક અજાણ્યો વાહન ચાલક પોતાના હવાલાની ફીરવ્હીલ કાર પુરઝડપે ચલાવીને આવ્યો હતો અને તેમને ટક્કર મારી હતી. જેમાં તેમને બંનેને ઈજા પહોંચી હતી. અકસ્માત સર્જી ચાલક ફરાર થઈ ગયો હતો.

## ચલાલાના બોડકા હનુમાનજી મંદિરે વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા

અમરેલી,તા.૦૨

ચલાલા ગામે આવેલા પ્રસિધ્ધ બોડકા હનુમાનજી મહારાજના મંદિરે હનુમાન જયંતી નિમિત્તે એક ભવ્ય અને ભક્તિમય ઉત્સવનું આયોજન



કરવામાં આવ્યું હતું. વહેલી સવારે દિવ્ય મંગળા આરતી સાથે આ ધાર્મિક કાર્યક્રમનો પ્રારંભ થયો હતો, જેમાં આસપાસના વિસ્તારમાંથી મોટી સંખ્યામાં ઉમટેલા શ્રદ્ધાળુઓએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી. દિવસ દરમિયાન મંદિર પરિસરમાં વિવિધ ધાર્મિક અનુષ્ઠાનો યોજાયા હતા, જેમાં સામૂહિક હનુમાન ચાલીસાના પાઠ, મધુર ભજન-કીર્તન અને વિશેષ પૂજા-અર્ચના મુખ્ય આકર્ષણ રહ્યા હતા.


**-//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં//-**

જન્મ રજી.નં.૩૬/૨૦૨૬

શ્રી સોલંકી મુસાભાઈ મહમદભાઈ
રહે. પાંચતલાવડા તા. લીલીયા જિ. અમરેલી .........અરજદાર

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી-પાંચતલાવડા ........સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી સોલંકી મુસાભાઈ મહમદભાઈનો પોતાનો જન્મ તા.૧૨/૦૨/૧૯૫૭ના રોજ પાંચતલાવડા મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૪/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

**-//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં//-**

જન્મ રજી.નં.૪૨/૨૦૨૬

શ્રી અયૂબભાઈ બચુભાઈ સોલંકી
રહે. પાંચતલાવડા તા. લીલીયા જિ. અમરેલી .........અરજદાર

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી-પાંચતલાવડા ........સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી અયૂબભાઈ બચુભાઈ સોલંકીનો પોતાનો જન્મ તા.૧૬/૦૭/૧૯૬૬ ના રોજ પાંચતલાવડા મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૪/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

**-//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં//-**

જન્મ રજી.નં.૩૭/૨૦૨૬

શ્રી સોલંકી સમીરભાઈ જમાલભાઈ
રહે. પાંચતલાવડા તા. લીલીયા જિ. અમરેલી .........અરજદાર

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી-પાંચતલાવડા ........સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી સોલંકી સમીરભાઈ જમાલભાઈ નો પોતાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૪ ના રોજ પાંચતલાવડા મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૪/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

તંત્રી લેખ

# ખાર્ગ ટાપુ: યુધ્ધનું જોખમી કેન્દ્ર

મધ્ય પૂર્વમાં વધતા તણાવ વચ્ચે ઈરાનનો ખાર્ગ ટાપુ વૈશ્વિક ચર્ચાનો કેન્દ્ર બની ગયો છે. પર્શિયન ગલ્ફમાં આવેલો આ નાનો ટાપુ ઈરાનની અર્થવ્યવસ્થાનું મુખ્ય ધબકતું હૃદય માનવામાં આવે છે, કારણ કે દેશના મોટા ભાગના તેલની નિકાસ અહીંથી થાય છે. આ કારણે ખાર્ગ માત્ર ભૂગોળીય સ્થાન નથી, પરંતુ ઈરાન માટે આર્થિક જીવનરેખા સમાન છે. આ ટાપુ પર કોઈ પણ પ્રકારનો હુમલો માત્ર ઈરાનને જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વને અસર કરી શકે છે. ખાર્ગ ટાપુ પર આવેલ તેલ ટર્મિનલ ઈરાનની આવકનો મુખ્ય સ્ત્રોત છે. જો આ માળખાને નુકસાન પહોંચે અથવા તે નષ્ટ થાય, તો ઈરાનની અર્થવ્યવસ્થાને ભારે ઝટકો લાગી શકે છે. તેલની નિકાસ બંધ થઈ જાય તો દેશની આવકમાં મોટો ઘટાડો થશે, જે આંતરિક અસ્થિરતા ઊભી કરી શકે છે. આ સાથે વૈશ્વિક બજારમાં પણ તેની અસર જોવા મળશે. ઈરાન વિશ્વના મોટા તેલ ઉત્પાદકોમાંનું એક હોવાથી તેની સપ્લાયમાં ઘટાડો થાય તો આંતરરાષ્ટ્રીય બજારમાં તેલના ભાવમાં તેજી આવી શકે છે. ખાર્ગ ટાપુને નિશાન બનાવવાનો સૌથી મોટો ખતરો એ છે કે તે સંઘર્ષને વધુ વિકરાળ બનાવી શકે છે. જો આ ટાપુ પર હુમલો થાય, તો ઈરાન તેના પ્રતિશોધરૂપે ગલ્ફના અન્ય દેશોના તેલ માળખાને નિશાન બનાવી શકે છે.

ખાસ કરીને અમેરિકાના સાથી દેશો જેવા કે યુએઈ અને સાઉદી અરેબિયા માટે આ ખતરો વધુ વધી શકે છે. પરિણામે સમગ્ર વિસ્તાર યુધ્ધના ભયમાં ગરકાવ થઈ શકે છે, જે વૈશ્વિક શાંતિ માટે ગંભીર પડકારરૂપ છે. ખાર્ગ ટાપુની ભૌગોલિક સ્થિતિ પણ તેને અત્યંત મહત્વપૂર્ણ બનાવે છે. તે હોર્મુઝ જળસંધિ નજીક આવેલો છે, જે વિશ્વના સૌથી મહત્વપૂર્ણ તેલ માર્ગોમાંનું એક છે. અહીંથી દરરોજ લાખો બેરલ તેલ પસાર થાય છે. જો આ વિસ્તારમાં તણાવ વધે અથવા આ માર્ગ અવરોધિત થાય, તો વિશ્વના ઊર્જા પુરવઠા પર સીધી અસર પડી શકે છે. તેથી ખાર્ગ પર હુમલો માત્ર એક ટાપુ પરનો હુમલો નહીં, પરંતુ વૈશ્વિક અર્થતંત્ર પર સીધો પ્રહાર બની શકે છે. સૈન્ય દૃષ્ટિએ પણ આ વિસ્તાર ખૂબ જ સંવેદનશીલ છે. જો કોઈ વિદેશી શક્તિ ખાર્ગ પર કબજો કરે, તો તે ઈરાનના દરિયાકાંઠા નજીક પોતાની હાજરી મજબૂત કરી શકે છે. આવી સ્થિતિ ઈરાનની સુરક્ષા માટે ગંભીર બની શકે છે, કારણ કે તેની મિસાઈલ અને ડ્રોન રેન્જમાં વિદેશી સૈન્ય આવી શકે છે.

આથી સંઘર્ષ વધુ તીવ્ર બનવાની શક્યતા વધી શકે છે. ખાર્ગ ટાપુની આસપાસ આવેલા અન્ય ટાપુઓ પણ તણાવનું કેન્દ્ર રહ્યા છે. અબુ મુસા, ગ્રેટર તુમ્બ અને લેસર તુમ્બ જેવા ટાપુઓ પર ઈરાનનો કબજો છે, જ્યારે યુએઈ આ ટાપુઓ પર પોતાનો દાવો કરે છે. આ વિવાદ વર્ષોથી ચાલી રહ્યો છે અને તેમાં કોઈ પણ સૈન્ય કાર્યવાહી પરિસ્થિતિને વધુ જટિલ બનાવી શકે છે. આ ઉપરાંત, કેશમ ટાપુ જેવા વિસ્તારોમાં નાગરિક સુવિધાઓ પણ આવેલી છે, જ્યાં પાણી પુરવઠા માટેના પ્લાન્ટ કાર્યરત છે. આવા સ્થળો પર હુમલો માનવતાવાદી સંકટ ઊભું કરી શકે છે. ખાર્ગ ટાપુ માત્ર ઔદ્યોગિક કેન્દ્ર જ નથી, પરંતુ ત્યાં હજારો લોકો વસે છે.

# ગુજરાતનું નવું ગ્લોબલ એડ્રેસ : સેમિકન્ડક્ટર હબ સાથે હવે ટુરિઝમનું નવું ધામ



ગુજરાતના વિકાસના ઈતિહાસમાં હવે એક નવું અને આકર્ષક અધ્યાય ઉમેરાઈ રહ્યો છે. અત્યાર સુધી ઔદ્યોગિક પ્લોટ્સ અને ફેક્ટરીઓ માટે ઓળખાતું ધોલેરા હવે વૈશ્વિક પ્રવાસન નકશા પર પોતાનું સ્થાન બનાવવાની દિશામાં આગળ વધી રહ્યું છે. અહીં વધતી વૈશ્વિક અવરજવરને ધ્યાનમાં રાખીને આધુનિક અને વૈભવી રિસોર્ટ્સનું નિર્માણ ઝડપથી થઈ રહ્યું છે. સેમિકન્ડક્ટર પ્રોજેક્ટ્સમાં કામ કરવા માટે આવતા વિદેશી નિષ્ણાંતો અને રોકાણકારો માટે ધોલેરા માત્ર કાર્યસ્થળ પૂરતું સીમિત નહીં રહે, પરંતુ એક સંપૂર્ણ 'ટુરિઝમ હબ' તરીકે પણ વિકસિત થઈ રહ્યું છે. આગામી સમયમાં દેશ-વિદેશના વીઆઈપી મહેમાનોની હાજરીથી આ વિસ્તારની ઓળખ અને ચહલપહલ બંનેમાં નોંધપાત્ર વધારો થવાની શક્યતા છે, જે સ્થાનિક અર્થતંત્રને નવી ઊંચાઈ પર લઈ જશે.

ગુજરાતનાં સાણંદ અને ધોલેરા હવે માત્ર ઔદ્યોગિક કેન્દ્રો નહીં, પરંતુ ભારતની ટેકનોલોજીક આત્મનિર્ભરતાની મજબૂત ધરી બની રહ્યાં છે. માઈક્રોન ટેકનોલોજીનો સાણંદ સ્થિત સેમિકન્ડક્ટર પ્લાન્ટ અને ધોલેરામાં વિકસતી સેમિકન્ડક્ટર ક્લસ્ટર ભારત માટે ગેમ-ચેન્જર સાબિત થઈ શકે છે. આ પ્રોજેક્ટ્સ માત્ર ઉત્પાદન કેન્દ્રો નથી, પરંતુ ભારતની ડિજિટલ સ્વતંત્રતાના મજબૂત પાયાના રૂપમાં ઉભરી રહ્યા છે. વિશ્વભરમાં વધતી ચિપ્સની માંગને ધ્યાનમાં રાખીને ભારત હવે વૈશ્વિક સપ્લાય ચેઈનમાં પોતાનું મહત્વપૂર્ણ સ્થાન બનાવવાની દિશામાં આગળ વધી રહ્યું છે. સાણંદમાં માઈક્રોન ટેકનોલોજી દ્વારા અંદાજિત રૂ.૨૨,૫૧૬ કરોડના ખર્ચે સ્થાપિત થતો સેમિકન્ડક્ટર પ્લાન્ટ 'ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન' હેઠળનો દેશનો પ્રથમ મોટા પાયે અમલમાં મૂકાયેલ પ્રોજેક્ટ છે. આ પ્લાન્ટ મુખ્યત્વે એસેમ્બલી, ટેસ્ટિંગ, માર્કિંગ અને પેકેજિંગ પર આધારિત છે. અહીં તૈયાર થતી ચિપ્સ અમેરિકા અને યુરોપ જેવા વૈશ્વિક બજારોમાં નિકાસ થશે, જેના કારણે સાણંદ સીધું જ ગ્લોબલ સપ્લાય ચેઈન સાથે જોડાઈ જશે. આ પ્લાન્ટમાં આધુનિક ઓટોમેશન ટેકનોલોજી, ઊર્જા-કાર્યક્ષમ માળખું અને આંતરરાષ્ટ્રીય સ્તરની ઉત્પાદન પધ્ધતિઓ અપનાવવામાં આવી રહી છે, જે ભારતના ઉત્પાદન ક્ષેત્રમાં એક નવો ધોરણ સ્થાપિત કરશે. ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

રિજન ડીએસઆઈઆર હવે સંપૂર્ણ સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમ વિકસાવવાની દિશામાં ઝડપથી આગળ વધી રહ્યું છે. ટાટા ઈલેક્ટ્રોનિક્સ દ્વારા આશરે રૂ.૯૧,૦૦૦ કરોડના રોકાણ સાથે સ્થાપિત થનારો સેમિકન્ડક્ટર ફેબ દેશનો પહેલો કમર્શિયલ-સ્કેલ ફેબ ગણાશે. આ ઉપરાંત, વેદાંત-ફોક્સકોન જેવા મોટા પ્રોજેક્ટ્સ ધોલેરાને વૈશ્વિક સ્તરે 'સેમીકોન સિટી' તરીકે ઓળખ આપશે. અહીં ચિપ ડિઝાઈનથી લઈને મેન્યુફેક્ચરિંગ અને ટેસ્ટિંગ સુધીની સમગ્ર પ્રક્રિયા એક જ સ્થળે ઉપલબ્ધ રહેશે. આ સમગ્ર માળખું ભારતની આયાત પરની નિર્ભરતા ઘટાડવામાં અને સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે મહત્વપૂર્ણ સાબિત થશે. ધોલેરાનો વિકાસ માત્ર ઉદ્યોગો પૂરતો મર્યાદિત નથી. અહીં સ્માર્ટ સિટી કન્સેપ્ટ હેઠળ પહોળા માર્ગો, આધુનિક ટેકનોલોજી આધારિત સુવિધાઓ, આંતરરાષ્ટ્રીય એરપોર્ટ અને ઝડપી રેલવે કનેક્ટિવિટી વિકસાવવામાં આવી રહી છે. આ સુવિધાઓને કારણે ધોલેરા રહેવા માટે પણ આકર્ષક સ્થળ બની રહ્યું છે. સાથે જ, હાઈ-પ્રોફાઈલ લોકો અને વિદેશી મહેમાનો માટે વૈભવી હોટેલ્સ અને રિસોર્ટ્સના વિકાસને કારણે હોસ્પિટાલિટી સેક્ટરમાં પણ નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી રહી છે. આ સમગ્ર માળખું ધોલેરાને એક આધુનિક અને વૈશ્વિક સ્તરના સ્માર્ટ સિટી તરીકે સ્થાપિત કરવામાં મદદરૂપ બનશે. સાણંદ અને ધોલેરામાં થઈ રહેલા વિકાસની સૌથી મોટી અસર રોજગારીના ક્ષેત્રમાં જોવા મળશે. અંદાજ મુજબ, આ પ્રોજેક્ટ્સના કારણે એક લાખથી વધુ પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ રોજગારીની તકો ઊભી થશે. એન્જિનિયરિંગ, મેન્યુફેક્ચરિંગ, હોસ્પિટાલિટી, લોજિસ્ટિક્સ અને સપ્લાય ચેઈન મેનેજમેન્ટ જેવા વિવિધ ક્ષેત્રોમાં યુવાનો માટે નવી તકો ઊભી થશે. સ્થાનિક લોકો માટે આવકના નવા સ્ત્રોત ઊભા થશે અને નાના-મધ્યમ ઉદ્યોગોને પણ પ્રોત્સાહન મળશે. આ વિકાસ ગુજરાતની સાથે ભારતના જીડીપીમાં પણ નોંધપાત્ર વધારો લાવશે. ગુજરાત હંમેશા ઉદ્યોગ સાહસિકતા માટે જાણીતા રહ્યું છે, પરંતુ હવે તે હાઈ-ટેક ઉત્પાદન ક્ષેત્રમાં પણ વૈશ્વિક નેતૃત્વ તરફ આગળ વધી રહ્યું છે. સાણંદ અને ધોલેરા જેવા પ્રોજેક્ટ્સ ભારતને ટેકનોલોજીના ક્ષેત્રમાં આત્મનિર્ભર બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. વિશ્વના મોટા દેશો સાથે સ્પર્ધા કરવા માટે આ પ્રોજેક્ટ્સ ભારતને સક્ષમ બનાવશે અને દેશને સેમિકન્ડક્ટર ક્ષેત્રમાં એક મજબૂત ખેલાડી તરીકે ઉભું કરશે. ધોલેરા અને સાણંદનો વિકાસ માત્ર ગુજરાત પૂરતો સીમિત નથી, પરંતુ સમગ્ર ભારત માટે ગૌરવનો વિષય છે. સેમિકન્ડક્ટર હબ અને ઉભરતા ટુરિઝમ ડેસ્ટિનેશન તરીકે આ વિસ્તારો દેશના વિકાસમાં એક નવા યુગની શરૂઆત કરી રહ્યા છે. 'વિકસિત ભારત @ ૨૦૪૭'ના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે આ પ્રોજેક્ટ્સ પાયાના પથ્થર સાબિત થશે. ગુજરાત હવે માત્ર ઔદ્યોગિક રાજ્ય નહીં, પરંતુ વૈશ્વિક ટેકનોલોજી અને નવીનતાના નકશા પર પોતાની મજબૂત ઓળખ ઉભી કરનાર રાજ્ય બની રહ્યું છે.

**સેમિકન્ડક્ટર હબ અને ઉભરતા ટુરિઝમ ડેસ્ટિનેશન તરીકે આ વિસ્તારો દેશના વિકાસમાં એક નવા યુગની શરૂઆત કરી રહ્યા છે. 'વિકસિત ભારત @ ૨૦૪૭'ના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે આ પ્રોજેક્ટ્સ પાયાના પથ્થર સાબિત થશે**

## સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ


| | | |
|---|---|---|
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૪૨૯ | ૭૬૯ |
| લીંબુ | ૧૩૨૬ | ૨૬૨૫ |
| સાકરટેટી | ૧૪૬ | ૩૧૧ |
| તરબુચ | ૧૫૬ | ૨૯૧ |
| પપૈયા | ૬૮ | ૧૨૩ |
| બટેટા | ૯૫ | ૨૫૮ |
| ડુંગળી સુકી | ૬૦ | ૨૩૫ |
| ટમેટા | ૧૧૪ | ૨૪૬ |
| સુરણ | ૮૨૯ | ૧૦૩૪ |
| કોથમરી | ૧૧૮ | ૨૧૬ |
| સકરીયા | ૨૧૪ | ૪૦૯ |
| મુળા | ૪૧૭ | ૬૧૧ |
| રીંગણા | ૧૫૮ | ૨૯૮ |
| કોબીજ | ૪૬ | ૯૭ |
| ફ્લાવર | ૨૪૧ | ૪૦૨ |
| ભીંડો | ૫૫૮ | ૭૦૪ |
| ગુવાર | ૫૯૧ | ૮૨૩ |
| ચોળાસીંગ | ૬૮૩ | ૯૮૬ |
| વાલોળ | ૫૨૫ | ૭૯૬ |
| ટીંડોળા | ૪૩૬ | ૮૮૮ |
| દુધી | ૧૪૬ | ૨૧૨ |
| કારેલા | ૩૧૭ | ૪૭૯ |
| સરગવો | ૧૫૯ | ૩૫૧ |
| તુરીયા | ૪૫૯ | ૮૮૦ |
| પરવર | ૨૨૪ | ૩૯૭ |
| કાકડી | ૨૧૪ | ૩૬૮ |
| ગાજર | ૧૪૩ | ૨૪૨ |
| વટાણા | ૧૦૩૧ | ૧૪૨૨ |
| ગલકા | ૩૧૨ | ૪૨૧ |
| બીટ | ૬૯ | ૧૨૨ |
| મેથી | ૧૫૧ | ૩૧૪ |
| વાલ | ૭૩૧ | ૯૬૨ |
| ડુંગળી લીલી | ૧૫૪ | ૨૯૬ |
| આદુ | ૧૦૨૪ | ૧૨૩૫ |
| મરચા લીલા | ૪૨૧ | ૬૧૯ |
| લસણ લીલું | ૬૨૧ | ૧૧૭૯ |
| મકાઇ લીલી | ૧૦૭ | ૨૦૧ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૩૦૦ | ૧૫૦૦ |
| શીંગ મોટી | ૧૩૧૧ | ૧૫૨૫ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૨૨૨ |

| | | |
|---|---|---|
| તલ કાળા | ૩૩૫૦ | ૪૦૧૧ |
| જીરૂ | ૩૭૦૦ | ૪૪૧૨ |
| કપાસ | ૧૪૫૦ | ૧૭૧૭ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૫૨૦ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૨૦ |
| જુવાર | ૬૩૦ | --- |
| ચણા | ૧૦૦૦ | ૧૦૫૧ |
| દેશી ચણા | ૧૦૨૦ | ૧૧૦૦ |
| તુવેર | ૧૩૦૦ | ૧૫૦૦ |
| એરંડી | ૧૨૦૦ | ૧૨૫૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૨૫૬ |
| રાય/રાયડો | ૧૦૦૮ | --- |
| ધાણા | ૨૨૦૦ | ૨૫૫૦ |
| **ધારી** | | |
| મગફળી | ૧૩૭૫ | ૧૩૭૫ |
| ઘઉં | ૩૦૦ | ૪૪૨ |
| ચણા | ૬૦૦ | ૯૯૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૩૫૫ |
| ધાણા | ૧૫૦૦ | ૨૩૦૦ |
| કલોજી | ૨૬૦૦ | ૨૬૦૦ |
| મેથી | ૯૨૫ | ૯૨૫ |
| સોયાબીન | ૮૫૦ | ૮૫૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૫૪૩ | ૧૭૦૦ |
| ચણા | ૯૭૧ | ૧૦૨૨ |
| ઘઉં | ૪૨૩ | ૫૧૫ |
| મેથી | ૧૧૫૦ | ૧૧૫૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૨૧૧ | ૧૨૫૦ |
| તલ સફેદ | ૧૬૫૦ | ૧૬૫૦ |
| કપાસ | ૧૨૦૦ | ૧૬૮૯ |
| બાજરો | ૩૫૦ | ૪૦૦ |
| ઘઉં ટુકડા | ૩૪૬ | ૫૪૯ |
| જુવાર | ૩૫૧ | ૧૦૦૯ |
| તુવેર | ૧૩૫૦ | ૧૪૦૨ |
| ચણા | ૯૪૪ | ૧૦૩૬ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૪૧ |
| ઘઉ લોકવન | ૨૫૦ | ૪૩૫ |
| ઘઉ ટુકડા | ૨૮૨ | ૪૬૫ |
| ચણા | ૯૦૧ | ૧૦૧૦ |
| ધાણા | ૧૭૪૦ | ૧૯૯૦ |

| | | |
|---|---|---|
| સોયાબીન | ૬૦૦ | ૬૦૦ |
| તુવેર | ૮૦૦ | ૧૪૦૦ |
| ચણા સફેદ | ૮૦૦ | ૯૮૦ |
| તલ સફેદ | ૧૫૯૦ | ૧૫૯૦ |
| જીરૂ | ૩૬૦૦ | ૩૬૦૦ |
| મકાઈ | ૩૦૦ | ૩૦૦ |
| લસણ | ૪૦૦ | ૪૦૦ |
| એરંડી | ૧૧૫૫ | ૧૧૭૦ |
| શીંગદાણા | ૧૩૦૦ | ૧૩૪૫ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૪૦ | ૨૨૦ |
| રીંગણા | ૨૦૦ | ૩૫૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૩૦૦ |
| કોબીજ | ૮૦ | ૧૦૦ |
| શક્કરીયા | ૩૦૦ | ૪૦૦ |
| ટમેટાં | ૧૨૦ | ૧૫૦ |
| સુરણ | ૬૦૦ | ૭૦૦ |
| ગાજર | ૩૦૦ | ૪૦૦ |
| દુધી | ૨૦૦ | ૨૫૦ |
| કારેલા | ૪૦૦ | ૫૦૦ |
| ગલકા | ૨૦૦ | ૩૦૦ |
| ગુંદા | ૬૦૦ | ૮૦૦ |
| કાકડી | ૨૦૦ | ૨૫૦ |
| ગુવાર | ૫૦૦ | ૮૦૦ |
| વટાણા | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ચોળા લીલા | ૫૦૦ | ૬૦૦ |
| તુરીયા | ૨૦૦ | ૩૦૦ |
| વાલ | ૭૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૭૦૦ | ૮૦૦ |
| આદુ | ૧૧૦૦ | ૧૨૦૦ |
| કોથમીર | ૧૫૦ | ૨૫૦ |
| મેથીભાજી | ૩૦૦ | ૪૦૦ |
| ફૂદીનો | ૩૦૦ | ૪૦૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૬૦૦ |
| બીટ | ૧૫૦ | ૨૦૦ |
| સરગવો | ૨૦૦ | ૨૫૦ |
| લીમડો મીઠો | ૧૦૦ | ૨૨૦ |
| મરચાં લીલાં | ૪૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી સુકી | ૧૫૦ | ૨૨૦ |
| લસણ લીલું | ૮૦૦ | ૧૦૦૦ |
| લસણ સુકું | ૧૬૦૦ | ૧૮૦૦ |
| પાલક | ૪૦૦ | ૫૦૦ |
| લીબુ | ૨૦૦૦ | ૨૨૦૦ |
| મકાઈ | ૨૫૦ | ૩૦૦ |

# ઓરેકલ કંપનીએ ભારતમાં તેના ૧૨૦૦૦ કર્મચારીઓને નોકરીમાંથી કાઢી મુક્યા


મુંબઈ,તા.૦૨




ટેક જગતની દિગ્ગજ કંપની ઓરેકલમાંથી અત્યંત ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. કંપનીએ ભારતમાં તેના અંદાજે ૧૨,૦૦૦ કર્મચારીઓને નોકરીમાંથી કાઢી મૂક્યા છે. આ છટણી પાછળનું મુખ્ય કારણ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ને ગણાવવામાં આવી રહ્યું છે. ઓરેકલ વૈશ્વિક સ્તરે કુલ ૩૦,૦૦૦ કર્મચારીઓને છૂટા કરવાની તૈયારીમાં છે અને આ નિર્ણય તે જ પ્રક્રિયાનો એક મોટો ભાગ છે. આ છટણી વચ્ચે 'પરપ્લેક્સિટી' ના સીઈઓ અરવિંદ શ્રીનિવાસનું એક નિવેદન સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બન્યું છે. તેમણે 'ઓલ ઈન પોડકાસ્ટ' માં જણાવ્યું હતું કે, એઆઈના કારણે નોકરી ગુમાવનારાઓએ તેને એક નવી તક તરીકે જોવી જોઈએ. આજના આધુનિક એઆઈ ટૂલ્સ લોકોને નાના પાયે પોતાના બિઝનેસ શરૂ કરવાની ઉત્તમ તક આપે છે. ઘણા લોકો પોતાની જૂની નોકરીથી ખુશ હોતા નથી, તેમના માટે આ નવા ટૂલ્સ શીખીને પોતાનું નવું કામ શરૂ કરવાનો આ શ્રેષ્ઠ સમય છે. જોકે, સોશિયલ મીડિયા પર આ નિવેદનની આકરી ટીકા પણ થઈ રહી છે, કારણ કે દરેક વ્યક્તિ માટે અચાનક નવો બિઝનેસ શરૂ કરવો સરળ હોતો નથી.


# બ્લેક ગુરૂવાર : સેન્સેક્સ ૧૫૨૬, નિફ્ટીમાં ૪૭૦ પોઈન્ટનો ઘટાડો

મુંબઈ,તા.૦૨



અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ઈરાન વિરૂધ્ધના આક્રમક નિવેદને વૈશ્વિક સ્તરે ભારે અફરાતફરી મચાવી દીધી છે. ટ્રમ્પે આગામી બે થી ત્રણ અઠવાડિયા સુધી ઈરાન પર ભીષણ હુમલા ચાલુ રાખવાની અને તેને પાષાણ યુગમાં ધકેલી દેવાની ચીમકી ઉચ્ચારી છે. આ ગંભીર વૈશ્વિક પરિસ્થિતિની સીધી નકારાત્મક અસર ભારતીય શેરબજાર પર પણ જોવા મળી છે. પરિણામે ઘરેલુ શેરબજારમાં આજે ભારે પ્રોફિટ બુકિંગ જોવા મળ્યું હતું અને રોકાણકારોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. સેન્સેક્સ અને નિફ્ટી બંને મહત્વના આંક મોટા ગાબડા સાથે નીચે સરકી ગયા છે. બોમ્બે સ્ટોક એક્સચેન્જના સેન્સેક્સમાં આજે અંદાજે ૧,૫૨૬ પોઈન્ટનો તોતિંગ ઘટાડો નોંધાયો છે. આ સાથે જ નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી પણ પોતાની ૨૨,૭૦૦ની મહત્વની સપાટી તોડીને નીચે ઉતરી ગયો છે. નિફ્ટીમાં આજે ૪૪૫ થી ૪૭૦ પોઈન્ટ આસપાસનો મોટો ઘટાડો જોવા મળ્યો છે. મધ્ય પૂર્વમાં વધતા યુધ્ધના તણાવ અને ક્રૂડ ઓઈલના વધતા ભાવને કારણે આગામી સમયમાં પણ બજારમાં ભારે અસ્થિરતા રહેવાની પ્રબળ સંભાવનાઓ સેવાઈ રહી છે.

## શબ્દ સંજોગ-૨૧૭૩



**આડી ચાવી :**
(૧)જીંદગી, આયુ (૩)
(૩) પથ્થરની પાતળી અને નાની તખતી (૨)
(૫) હીરની મોટી આંટી (૨)
(૭) પીડા, કષ્ટ (૨)
(૮) ફેરફાર એકને બદલે બીજો વર્ણ આવે તે (૩)
(૯) વિચાર, મનન (૨)
(૧૦) ઘટિત, છાજે એવુ (૩)
(૧૨) ...જણાવવાનું કે (૨)
(૧૪) ગણપતિ (૪)
(૧૭) દેશમાં બહારથી આવવું તે (૪)
(૧૯) મનનું વલણ (૨)
(૨૧) ધોળીને સહેજ લાલ ધાબાવાળી ગાય (૨)
(૨૩) એક કઠોળ (૨)
(૨૪) બકારી, ઉલટી થયાનો ઉછાળો (૩)
(૨૫) તદન, બિલકુલ (૨)
(૨૭) વેરાન (૩)
(૨૯) ઘરડ, ચીલો (૩)
(૩૦) સામાન્ય (અ) (૩)

**ઉભી ચાવી :**
(૧) નિરુપાય, લાચાર (૪)
(૨) પરવાનગી, રજા (૪)
(૩) ધોબીના પોઠિયા પર લાદેલો ગાંસડો (૩)
(૪) સૂર્ય (૨)
(૫) દાપુ, હકસાઈ (૨)
(૬) છરા, અસ્ત્રો (૨)
(૧૧) ધારવાળુ એક ગોળ હથિયાર (૨)
(૧૩) લાગ અને વગ, વગવસીલો (૪)
(૧૪) જંગલ, અરણ્ય (૨)
(૧૫) ટોચ, શિખર (૨)
(૧૬) એક સુંગધીદાર વનસ્પતિ (૩)
(૧૭) ખત, દસ્તાવેજ પુરાવામાં મૂકવા લાયક લેખ (૩)
(૧૮) એક તેજાનો (૨)
(૨૦) ગુજરાતનો એક જિલ્લો (૪)
(૨૨)પ્રવાહી પદાર્ણ ચુસતા થતો અવાજ (૪)
(૨૪) હોશ, ઉમંગ (૩)
(૨૬) પક્ષ, તરફેણ (૨)
(૨૭) ઘેટાંના વાળ (૨)
(૨૮) સૌજન્ય, સદવર્તન (૨)

## શબ્દ સંજોગ-૨૧૭૨ જવાબ

**આડી ચાવી** : (૧) મોરારજી (૪) લિહાજ (૬) ટપલી (૮) નવ (૧૦) બીકણ (૧૨) મરાલ (૧૪) પાડો (૧૫) સમર (૧૬) યક્ષ (૧૭) દોર (૧૮) હાકેમ (૨૦) કોશિષ (૨૨) દાખલ (૨૪) તાંતો (૨૫) મોત (૨૬) વારણ (૨૭) અંકોડો (૨૮) રતાળું. **ઉભી ચાવી** : (૧) મોરબી (૨) રટણ (૩) જીપ (૫) જન (૭) લીમડો (૯) વગર (૧૧) કટાક્ષ (૧૩) લસરકો (૧૪) પારકે (૧૬) યશોદા (૧૮) હાલ (૧૯) મતાંતર (૨૧) શિશિર (૨૩) ખલકો.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ દ્વારા ૧૫ઉમો 'વિચારોના વાવેતર' કાર્યક્રમ યોજાયો



સુરત,તા.૦૨

શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ, સુરત દ્વારા જમનાબા વિદ્યાર્થી ભવન ખાતે ૧૫ઉમા 'વિચારોના વાવેતર' કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે કાનજીભાઈ ભાલાળાએ પ્રેરણાત્મક ઉદ્દબોધન આપતા જણાવ્યું કે, સફળતાનો મુખ્ય આધાર મહેનત છે અને તેનું ચાલકબળ વિચાર છે. કઠોર પરિશ્રમ એટલે માત્ર શારીરિક શ્રમ નહીં, પરંતુ તન-મનની નિષ્ઠા. તેમણે લક્ષ્ય, અનુશાસન, સંઘર્ષ અને મહેનતને સફળતાના ચાર મજબૂત સ્તંભ ગણાવ્યા હતા.

અતિથિ વક્તા તરીકે ઉપસ્થિત સજની નિટવેરના ભરતભાઈ પોલરાએ "મહેનત ઉગે છે" વિષય પર પોતાના અનુભવો વહેંચ્યા હતા. માત્ર ૨૦,૦૦૦ રૂપિયાની મૂડી અને ત્રણ સીવણ મશીનથી શરૂ કરેલી સફર આજે ૨૦ વર્ષની મહેનત બાદ ૩૦ કરોડથી વધુના ટર્નઓવરવાળી 'સજની' બ્રાન્ડ સુધી કેવી રીતે પહોંચી તેની વિગતો તેમણે આપી હતી. શોર્ટકટથી મળેલી સફળતા ક્યારેય ટકતી નથી અને ગ્રાહકને વસ્તુ સાથે વિશ્વાસ આપવો તે જ સાચી સફળતા છે.

આ અવસરે હીરા ઉદ્યોગની દિગ્ગજ કંપની ડીટીસી (DTC) ના સાઈટ હોલ્ડર બનવાની સિદ્ધિ બદલ શિવમ જ્વેલર્સના ઘનશ્યામભાઈ શંકર અને તેમના પરિવારનું સન્માન પત્ર આપી વિશેષ અભિવાદન કરવામાં આવ્યું હતું. મંદી વચ્ચે છેલ્લા

**ભાગ્ય પણ મહેનત કરનારને જ સાથ આપે છે**

નવ વર્ષમાં ભારતની માત્ર એક જ કંપનીને સાઈટ હોલ્ડરશીપ મળી છે.

ઉપરાંત, દાતા ટ્રસ્ટી બનવા બદલ અરજણભાઈ વઘાસિયાનું સન્માન કરાયું હતું. નારોલા જેમ્સના ધીરુભાઈ નારોલા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંકલન હાર્દિક ચાંચડ અને અંકિત સુરાણીએ કર્યું હતું.

# ધોરાજી શહેરમાં હનુમાન જયંતી મહોત્સવ ધામધૂમથી ઉજવાયો

ધોરાજી,તા.૦૨

ધોરાજી શહેરમાં હનુમાન વાડી સહિત અનેક હનુમાનજીના મંદિરો ખાતે હનુમાન જયંતી મહોત્સવ ભક્તિભાવપૂર્વક ઉજવાયો. શહેરભરમાં મહા આરતી, મહાપ્રસાદ અને વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા. હનુમાન વાડીના પ્રાચીન મંદિરે હજારો ભક્તોએ દર્શન કરી આશીર્વાદ મેળવ્યા.



હનુમાન જયંતી નિમિત્તે શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલા મંદિરોમાં ભક્તોની ભીડ ઉમટી પડી હતી. ભક્તોએ મહા આરતી અને પ્રસાદનો લાભ લીધો. સેવાકીય પ્રવૃત્તિઓમાં સ્થાનિક લોકો, દાતાઓ અને મહિલાઓએ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું. ધોરાજીના દરબારગઢ, સોનીવાડી, પંચમુખી હનુમાનજી મંદિર સહિત શહેરના અનેક મંદિરોમાં ઉત્સવ ધામધૂમથી ઉજવાયો.

# કોમલબેન ખીલવાણી મહિલા મોરચાના પ્રમુખ બનતા સિંધી સમાજમાં ખુશીની લહેર

કોડીનાર,તા.૦૨



ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર શહેરમાં ભાજપ મહિલા મોરચાના પ્રમુખ તરીકે શ્રીમતી કોમલબેન નિલેશભાઈ ખીલવાણીની નિમણૂક થતાં સિંધી સમાજમાં ભારે હર્ષોલ્લાસ વ્યાપી ગયો છે. સમાજના યુવા અગ્રણી નિલેશભાઈ ખીલવાણીના પત્ની કોમલબેન લાંબા સમયથી સેવાકીય પ્રવૃત્તિઓ સાથે જોડાયેલાં છે. તેમની આ નિમણૂકને પગલે પક્ષના સંગઠનને નવી ઊર્જા મળશે તેવી આશા વ્યક્ત કરાઈ છે. આ ખુશીમાં કોડીનાર તેમજ ભાવનગર શહેરમાં સિંધી સમાજના લોકોએ ફટાકડા ફોડી અને એકબીજાને મીઠાઈ ખવડાવીને ભવ્ય ઉજવણી કરી હતી.

# સામાજિક અગ્રણી ઘનશ્યામ બિરલાએ સેવાકાર્યો સાથે જન્મદિવસ ઉજવી પ્રેરણાદાયી રાહ ચિંધ્યો

સુરત,તા.૦૨

સુરત શહેરના સામાજિક અગ્રણી અને 'સ્વર્ણિમ ગુજરાત યુથ ફાઉન્ડેશન'ના પ્રમુખ ઘનશ્યામ બિરલાએ પોતાના જન્મદિવસ નિમિત્તે વિવિધ સેવાકીય કાર્યો કરીને સમાજને નવી દિશા ચીંધી છે. તેમણે જીવનમાં ૧૦૯મી વખત રક્તદાન કરીને અનોખી ઉજવણી કરી હતી.આ ઉપરાંત, તેમણે પર્યાવરણ અને જીવદયા પ્રત્યે અનોખો પ્રેમ દર્શાવતા સુરત મહાનગરપાલિકા સંચાલિત સરથાણા પ્રાણી સંગ્રહાલયમાંથી એક વર્ષ માટે 'લવ બર્ડ' પક્ષીની જોડી દત્તક લીધી છે. આ બદલ ઝૂના તબીબ ડો. રાજેશ પટેલે સન્માનપત્ર આપી તેમનું બહુમાન કર્યું હતું. સાથે જ, પર્યાવરણ જતનના ભાગરૂપે સિતારામ ગ્રીન વર્લ્ડ ચેરિટેબલ ટ્રસ્ટના સહયોગથી બીલીપત્રના ૧૦૦૦ રોપા તૈયાર કરવાનું મહાઅભિયાન શરૂ કરાયું છે, જેનું વિનામૂલ્યે વિતરણ થશે. આ પ્રસંગે રામભાઈ, દિલીપ વરસાણી અને ડો. મધુકાંત ગોંડલિયા સહિતના અનેક મહાનુભાવોએ હાજર રહીને તેમને અભિનંદન પાઠવ્યા હતા.



# ધોરાજીમાં હજરત લાલશાહ વલીના ઉર્ષ મહોત્સવનો ભવ્ય પ્રારંભ

ધોરાજી,તા.૦૨



તસવીર : નયન કુહાડીયા

ધોરાજીમાં કોમી એકતાના પ્રતીક સમાન હજરત લાલ શાહ વલીના પવિત્ર ઉર્ષ મહોત્સવનો આજથી ભવ્ય પ્રારંભ થયો છે. પ્રથમ દિવસે પરંપરાગત સંદલ શરીફ યાત્રા યોજાઈ હતી, જેમાં મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ જોડાયા હતા. તા. ૨ થી ૬ એપ્રિલ સુધી ચાલનારા આ ચાર દિવસીય ઉર્ષમાં કવાલી અને ઈબાદત સહિતના વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે. આ પ્રસંગે છેલ્લા ૪૩ વર્ષથી અવિરત ચાલતી પરંપરા મુજબ 'ફકીર લંગર કમિટી' દ્વારા ચારેય દિવસ શુધ્ધ શાકાહારી પ્રસાદનું વિતરણ કરવામાં આવશે. આ મહોત્સવ હિન્દુ-મુસ્લિમ એકતા અને અખંડ ભાઈચારાનો અનોખો સંદેશ આપે છે.

# ગોંડલમાં હનુમાન જન્મોત્સવની ભવ્ય ઉજવણી: વિશાળ શોભાયાત્રામાં ઉમટ્યું માનવ મહેરામણ

ગોંડલ,તા.૦૨



ગોંડલ શહેરમાં હનુમાન જન્મોત્સવ નિમિત્તે ભક્તિ અને ઉત્સાહનો ત્રિવેણી સંગમ જોવા મળ્યો હતો. વિશ્વ હિન્દુ પરિષદ (VHP), બજરંગ દળ અને દુર્ગાવાહિની-માતૃશક્તિના સંયુક્ત ઉપક્રમે સતત ૧૭માં વર્ષે શહેરના રાજમાર્ગો પર ભવ્યાતિભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. પૂજા-અર્ચના, મહાઆરતી અને શ્રીફળ વધેરીને પ્રસ્થાન કરાયેલી આ યાત્રામાં ૧૫૦૦થી વધુ ધર્મપ્રેમી જનતા જોડાઈ હતી. આ વર્ષની શોભાયાત્રામાં બ[illegible] મહિલા બુલેટ સવારો વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની હતી. શોભાયાત્રા અમર રામ ભક્ત હનુમાનજી મંદિર (ત્રિકોણીયા, સરદાર ચોક) થી શરૂ થઈ બસ સ્ટેન્ડ રોડ, વિક્રમસિંહજી રોડ, જેલ ચોક, નાની બજાર અને માંડવી ચોક સહિતના મુખ્ય વિસ્તારોમાં ફરી હતી. આ શોભાયાત્રાનું સમાપન દેવપરા સ્થિત તરકોશી હનુમાનજી મંદિર ખાતે થયું હતું, જ્યાં બપોરે ૧૨ વાગ્યે સંતો-મહંતો અને રાજકીય આગેવાનોની ઉપસ્થિતિમાં ભવ્ય મહાઆરતી કરવામાં આવી હતી. ત્યારબાદ તમામ ભક્તોએ સમૂહ મહાપ્રસાદનો લાભ લીધો હતો. આ આયોજનને સફળ બનાવવા બજરંગ દળના જિલ્લા પ્રમુખ હિરેનભાઈ ડાભીના માર્ગદર્શન હેઠળ કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# સુત્રાપાડાના સરા અને થરેલી ગામનો ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપની સામે વિરોધ

ઉના,તા.૦૨



સુત્રાપાડા તાલુકાના સરા અને થરેલી ગામોના સીમ વિસ્તારમાં હાલ ધરતીપુત્રો અને વહીવટી તંત્ર વચ્ચે ગંભીર સંઘર્ષના મંડાણ થયા છે. ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ દ્વારા હાથ ધરવામાં આવેલા પાઈપલાઈન પ્રોજેક્ટ સામે સ્થાનિક ખેડૂતોએ બાયો ચઢાવી છે. પોતાની જીવાદોરી સમાન જમીન પર સંકટ જોઈને ખેડૂતોમાં ભારે અસંતોષ વ્યાપ્યો છે અને તેઓએ તંત્રની જોહુકમી સામે આકરા પ્રહાર કર્યા છે. ખેડૂતોની મુખ્ય ચિંતા એ છે કે જો આ પાઈપલાઈન તેમની ફળદ્રુપ જમીનની મધ્યમાંથી પસાર થશે, તો વર્ષોની મહેનતથી ઉછારેલા ઊભા પાક, ફળદાયી વૃક્ષો તેમજ સિંચાઈના સ્ત્રોત એવા કુવા અને બોર જેવી કિંમતી કૃષિ સંપત્તિને કાયમી નુકસાન થશે. વધુમાં, જમીનના પેટાળમાં પાઈપલાઈન હોવાને કારણે ભવિષ્યમાં આ જમીન પર કોઈ ઉદ્યોગ, પેટ્રોલ પંપ કે બિનખેતી વિકાસના કામો થઈ શકશે નહીં, જે ખેડૂતોના આર્થિક ભવિષ્ય માટે અત્યંત જોખમી સાબિત થઈ શકે તેમ છે.

# ધોરાજીમાં શ્રીકૃષ્ણ પ્રણામી ધર્મ મહોત્સવમાં મોટી સંખ્યામાં ભાવિકો ઉમટ્યા

**સેવાભાવી ભાવિકોએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી**

ધોરાજી,તા.૦૨





ધોરાજીમાં કૃષ્ણ પ્રણામી ધર્મ મહોત્સવમાં શ્રી બાઈ રાજ મહારાણી પ્રાગટ્ય મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ નિમિત્તે ચાર અખંડ પારાયણ તથા સત્સંગ શિબિરનું ૧થી ૩ એપ્રિલ સુધી ભવ્ય કાર્યક્રમ યોજાયા હતા. જેમાં પ્રવચન, સંધ્યા કાલિન સેવા પૂજા, રાસ ગરબા વગેરેનો સમાવેશ થાય છે. શ્રી બાઈ રાજ મહારાણી પ્રાગટ્ય મહોત્સવ કાર્યક્રમમાં શ્રી નવતનપૂરી ધામનાં પૂજય જગતગુરુ આચાર્ય મહારાજશ્રીનાં માર્ગદર્શનમાં ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી હતી. સેવાભાવી ભાવિકોએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડ્યા હતા.

# મહુવાના લોંગડી પ્રા.શાળામાં પાઉંભાજી ખાધા બાદ બાળકોને થઈ ઝેરી અસર

ભાવનગર,તા.૦૨

ભાવનગર જિલ્લાના મહુવા તાલુકામાં આવેલા લોંગડી ગામની પ્રાથમિક શાળામાં હનુમાન જયંતિના પવિત્ર પર્વે એક અત્યંત કરુણ ઘટના સામે આવી છે. મહાવીર સમાજ દ્વારા હનુમાન જયંતિ નિમિત્તે શાળાના બાળકો માટે પાઉંભાજી અને પુલાવના નાસ્તાનું આયોજન કરવામાં આવ્યું હતું. જોકે, આ નાસ્તો કર્યાના થોડા જ સમયમાં વિદ્યાર્થીઓને ઉલટી-ઉબકા અને પેટમાં દુખાવા જેવી ખોરાકી ઝેરની અસરો થવા લાગી હતી.જોતજોતામાં ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓની તબિયત બગડતા ગ્રામજનો અને આરોગ્ય તંત્ર દોડતું થયું હતું. ગંભીર હાલત ધરાવતા ૨૫ જેટલા વિદ્યાર્થીઓને તાત્કાલિક મહુવાની જનરલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યારે અન્ય ૬૦થી વધુ બાળકોને લોંગડી ગામમાં જ સ્થાનિક સ્તરે પ્રાથમિક સારવાર આપવામાં આવી રહી છે.

# રાજકોટમાં મોરબી હાઈ-વે પર બેરોજગવાર યુવકનો ટ્રક નીચે ઝંપલાવી આપઘાત

રાજકોટ,તા.૦૨

રાજકોટના મોરબી હાઈવે પર આવેલા હડાળા ગામના પાટિયા પાસે ગઈકાલે બપોરે એક કરૂણ ઘટના સામે આવી હતી. વડોદરાથી પાંચ દિવસ પહેલા રોજગારી મેળવવાની આશા સાથે રાજકોટ આવેલા ૩૯ વર્ષીય નેપાળી યુવકે આર્થિક તંગી અને કામ ન મળવાને કારણે માનસિક અસ્વસ્થતામાં આવી ચાલતી ટ્રક નીચે ઝંપલાવી આત્મહત્યા કરી લીધી હતી. આ સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે. હાલ કુવાડવા પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી જરૂરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.



-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં, //-

પ્રતિ, નં.જન્મ-મરણ કેસ નં. 123 /2026

શ્રી કાંતાબેન બાબુભાઈભટટી,
રહે.ગોવિંદપુર ભંડારીયા, ગામ - ગોવિંદપુર ભંડારીયા , તાલુકો - કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ

...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત છાછર, તા. - કોડીનાર,
જિ.-ગીરસોમનાથ ........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના ગોવિંદપુર ભંડારીયા ગામના રહીશ બાબુભાઈ શીવવાભાઈ ભટટી તથા કાંતાબેન બાબુભાઈ ભટટીના પુત્રી કાજલબેન બાબુભાઈ ભટટીનો જન્મ તારીખ.**01/01/1997**ના રોજ કોડીનાર તાલુકાના ગોવિંદપુર ભંડારીયા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત છાછર, તાલુકો - કોડીનાર **1997** ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૯/૦૪/૨૦૨૬ ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે

આજ તા. ૨૦/૦૩/૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

# ઉના-ગીરગઢડા કોળી સમાજની બેઠકમાં ધારાસભ્ય કાળુભાઈ રાઠોડે વ્યસનમુક્તિ અને શિક્ષણ પર ભાર મૂક્યો

**બેઠકમાં કોળી સમાજના આગેવાનો હાજર રહ્યાં**

ઉના, તા. ૦૨



ઉના અને ગીરગઢડા તાલુકાના સમસ્ત કોળી સમાજની એક અગત્યની બેઠક ઉનાના માધવબાગ વાડી ખાતે યોજાઈ હતી. ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડના અધ્યક્ષસ્થાને મળેલી આ બેઠકમાં સમાજના ઉત્થાન અને સંગઠનને મજબૂત કરવા પર વિશેષ ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રસંગે કોળી સમાજના અગ્રણીઓએ સમાજમાં શિક્ષણનો વ્યાપ વધારવા અને યુવાધનને વ્યસનોથી દૂર રાખવા માટે ખાસ અપીલ કરી હતી. સમાજ વધુ સંગઠિત બને તે બાબત પર હાજર તમામ આગેવાનોએ ભાર મૂક્યો હતો. ધારાસભ્ય કાળુભાઈ રાઠોડે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, સમાજે હવે રાજકીય ક્ષેત્રે પણ આગળ આવવાની જરૂર છે. તેમણે ખાસ કરીને ખર્ચાળ લગ્નોનો ત્યાગ કરી, દીકરા-દીકરીઓને સમૂહલગ્ન જેવા આયોજનોમાં પરણાવવા માટે સમાજને હાકલ કરી હતી.આ બેઠકમાં કોળી સમાજના અનેક દિગ્ગજ આગેવાનો હાજર રહ્યા હતા.

એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી

અપીલ અરજી નં.૨૧/૨૦૨૬

અરજદાર:- શ્રી અબ્દુલભાઈ હસનભાઈ કુરેશી,
રહે.તાઈવાડા, કસ્બાવાડ, ગુંદીયા ચોરા,
અમરેલી, તા/જી-અમરેલી.

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
- વ -
ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી,
મુ.અમરેલી તા/જી.-અમરેલી.

**-// જાહેર નોટીસ //-**

આથી લાગતા વળગતાઓને જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં અબ્દુલભાઈ હસનભાઈ કુરેશી તેમના પુત્રશ્રી મહમ્મદહનીફ અબ્દુલભાઈ કુરેશીની જન્મ (તા.૧૧/૦૫/૧૯૬૭)ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફ અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૨/૦૪/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા

કોર્ટનો સિક્કો

(કે.કે.દવે)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
અમરેલી શહેર

# તણાવ વચ્ચે પેટ્રોકેમિકલ ઉત્પાદન પર કસ્ટમ ડ્યુટીમાં કેન્દ્ર સરકારે રાહત આપી

નવીદિલ્હી,તા.૦૩



મધ્ય પૂર્વમાં પ્રવર્તી રહેલા યુધ્ધ અને તણાવને કારણે વૈશ્વિક પુરવઠા શૃંખલામાં મોટા પાયે વિક્ષેપ પડ્યો છે, જેના પગલે ભારત સરકારે દેશના ઉદ્યોગો અને ગ્રાહકોને રાહત આપવા માટે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. કેન્દ્ર સરકારે મિથેનોલ, નિર્જળ એમોનિયા, ટોલ્યુએન, સ્ટાયરીન અને વિનાઈલ ક્લોરાઈડ મોનોમર જેવા અનેક આવશ્યક પેટ્રોકેમિકલ ઉત્પાદનો પરની કસ્ટમ ડ્યુટી ૩૦ જૂન સુધી અસ્થાયી રૂપે હટાવી દીધી છે. આ નિર્ણયનો મુખ્ય હેતુ પ્લાસ્ટિક, ફાર્માસ્યુટિકલ્સ, ટેક્સટાઈલ અને ઓટોમોબાઈલ જેવા ક્ષેત્રોમાં કાચા માલનો ખર્ચ ઘટાડી ઉત્પાદન પ્રક્રિયાને વેગ આપવાનો છે. નોંધનીય છે કે ઈરાન પરના હુમલા બાદ ક્રૂડ ઓઈલના ભાવમાં અંદાજે ૫૦ ટકાનો ઉછાળો આવ્યો છે, જેની અસર ઘટાડવા સરકારે અગાઉ પેટ્રોલ-ડીઝલ પરની એક્સાઈઝ ડ્યુટીમાં પણ ઘટાડો કર્યો હતો. આ પગલાથી બજારમાં રોજિંદા વપરાશની વસ્તુઓના ભાવ ઘટવાની શક્યતા છે, જે સામાન્ય જનતા માટે મોટું આશ્વાસન સાબિત થશે.

# રાજસ્થાનમાં SI પરીક્ષા મુલતવી રાખવાનો સુપ્રીમ કોર્ટનો ઈનકાર

(એચ.એસ.એલ),જયપુર,તા.૨



રાજસ્થાન સબ-ઈન્સ્પેક્ટર ભરતી પરીક્ષા ૨૦૨૫ને લઈને ચાલી રહેલી અનિશ્ચિતતાનો સુપ્રીમ કોર્ટે અંત લાવ્યો છે. જસ્ટિસ દીપાંકર દત્તા અને સતીશ ચંદ્ર શર્માની બેન્ચે ૫ અને ૬ એપ્રિલ, ૨૦૨૬ના રોજ યોજાનારી આ પરીક્ષાને સ્થગિત કરવાની અરજી ફગાવી દીધી છે. અરજદારોએ હાઈકોર્ટમાં પેન્ડિંગ અપીલોનો હવાલો આપી પરીક્ષા ચાર અઠવાડિયા લંબાવવા વિનંતી કરી હતી, પરંતુ રાજ્ય સરકાર વતી એડિશનલ એડવોકેટ જનરલે દલીલ કરી હતી કે પરીક્ષાની તમામ વહીવટી તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે અને આ તબક્કે ફેરફાર કરવાથી અરાજકતા ફેલાઈ શકે છે. કોર્ટે પરીક્ષા અટકાવી નથી, પરંતુ ઉમેદવારોને શરતી મંજૂરી આપી છે કે તેઓ પરીક્ષામાં બેસી શકશે, પરંતુ તેમના પરિણામો હાલ જાહેર કરવામાં આવશે નહીં.

આ સમગ્ર પ્રક્રિયા હાઈકોર્ટના અંતિમ નિર્ણયને આધીન રહેશે. ૨૦૨૧ના પેપર લીક વિવાદ બાદ આ નવી ભરતી પ્રક્રિયા પારદર્શિતા માટે અત્યંત મહત્વની માનવામાં આવે છે.

# ચૂંટણી પંચ બંગાળમાં રાષ્ટ્રપતિ શાસન ચલાવી રહ્યું છે: મમતા બેનર્જીનો આરોપ

મુર્શિદાબાદ,તા.૨

પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણીનો માહોલ ગરમ છે ત્યારે મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ચૂંટણી પંચ અને ભાજપ પર આકરા પ્રહારો કર્યા છે.

મુર્શિદાબાદની રેલીમાં તેમણે દાવો કર્યો હતો કે રાજ્યની કાયદો અને વ્યવસ્થાની સત્તા તેમની પાસેથી છીનવી લેવામાં આવી છે. મમતાએ આક્ષેપ કર્યો કે ચૂંટણી પંચ હાલમાં ભાજપ અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના ઈશારે કામ કરી રહ્યું છે અને રાજ્યમાં એક પ્રકારે રાષ્ટ્રપતિ શાસન લાદી દીધું છે.

તેમણે માલદામાં ન્યાયિક અધિકારીઓને બંધક બનાવવાની ઘટનાનો ઉલ્લેખ કરી પંચની વહીવટી નિષ્ફળતા પર સવાલ ઉઠાવ્યા હતા. બંગાળમાં ૨૩ અને ૨૯ એપ્રિલના રોજ મતદાન થવાનું છે, ત્યારે તૃણમૂલ કોંગ્રેસ અને ભાજપ વચ્ચે સીધો જંગ ખેલાઈ રહ્યો છે.

# આસામમાં રાહુલ ગાંધીની ચૂંટણી રેલી ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા

(એચ.એસ.એલ),ગોવાહાટી,તા.૨



લોકસભામાં વિપક્ષી નેતા રાહુલ ગાંધીએ આસામના કાર્બી આંગલોંગમાં એક ચૂંટણી સભાને સંબોધતા ભાજપની વિચારધારા પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે જણાવ્યું કે ભાજપ આસામને દિલ્હીથી ચલાવવા માંગે છે, જ્યારે કોંગ્રેસનું વિઝન છે કે વાસ્તવિક સત્તા સ્થાનિક લોકોના હાથમાં હોવી જોઈએ. રાહુલે કલમ ૨૪૪(એ) લાગુ કરવાની તરફેણ કરતા કહ્યું કે નિર્ણયો ગુવાહાટી કે દિલ્હીમાં નહીં, પરંતુ સ્થાનિક સ્તરે લેવાવા જોઈએ.

રાહુલ ગાંધીએ પીએમ મોદી અને તત્કાલીન અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચેના કરારો પર ગંભીર આક્ષેપો કર્યા હતા. તેમણે દાવો કર્યો કે આ કરારોથી ભારતની આર્થિક અને વ્યૂહાત્મક સ્વતંત્રતા જોખમાઈ છે. તેમણે કહ્યું કે હવે ભારતે રશિયા કે ઈરાન પાસેથી તેલ ખરીદવા માટે પણ અમેરિકાની મંજૂરી લેવી પડે છે. વધુમાં, તેમણે આરોપ લગાવ્યો કે ભારતના ખેડૂતો અને નાના ઉદ્યોગોના ભોગે અમેરિકી કંપનીઓને ફાયદો કરાવવામાં આવી રહ્યો છે અને ભારતનો ડેટા પણ સુરક્ષિત રહ્યો નથી.

# આમ આદમી પાર્ટીએ રાઘવ ચઢ્ઢાને રાજ્યસભાના ઉપનેતા પદેથી દૂર કર્યા

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨


આમ આદમી પાર્ટી (AAP) એ એક મહત્વપૂર્ણ સંગઠનાત્મક ફેરફાર કરતા સાંસદ રાઘવ ચઢ્ઢાને રાજ્યસભાના ઉપનેતા (ડેપ્યુટી લીડર) પદેથી મુક્ત કર્યા છે. તેમના સ્થાને પંજાબના સાંસદ અશોક મિત્તલની નિમણૂક કરવામાં આવી છે. પાર્ટીએ આ ફેરફાર અંગે રાજ્યસભા સચિવાલયને પત્ર લખી જાણ કરી છે. 'આપ' ના સૂત્રોના જણાવ્યા અનુસાર આ એક રૂટિન પ્રક્રિયા છે. અશોક મિત્તલ હવે રાજ્યસભામાં પાર્ટીના નવા ડેપ્યુટી લીડર તરીકેની જવાબદારી સંભાળશે.

રાઘવ ચઢ્ઢા છેલ્લા કેટલાક સમયથી જનહિતના મુદ્દાઓ ઉઠાવવા બદલ ચર્ચામાં રહ્યા છે. તાજેતરમાં તેમણે રાજ્યસભામાં મોબાઈલ વપરાશકર્તાઓ માટે 'ડેટા રોલઓવર'ની સુવિધાની માંગ કરી હતી. તેમણે દલીલ કરી હતી કે ગ્રાહકો જે ડેટા માટે પૈસા ચૂકવે છે, જો તે દિવસના અંતે વપરાયા વગરનો રહે, તો તે બીજે દિવસે વાપરવા મળવો જોઈએ.

# ભારત અને ચીનના નેતાઓએ દ્વિપક્ષીય સબંધોને મજબૂત બનાવવા ભાર મૂક્યો

નવીદિલ્હી, તા.૩

ભારત અને ચીન વચ્ચેના રાજદ્વારી સંબંધોની ૭૬મી વર્ષગાંઠ નિમિત્તે બંને દેશોના નેતાઓએ દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવવા પર ભાર મૂક્યો છે. ભારતમાં ચીનના રાજદૂત ઝુ ફેઈહોંગે જણાવ્યું હતું કે ભારત અને ચીન અવિભાજ્ય પડોશીઓ છે અને સારા પડોશી તથા ભાગીદાર તરીકે આગળ વધવું બંને દેશોના હિતમાં છે. તેમણે સોશિયલ મીડિયા પર આ સંબંધોને 'ડ્રેગન-એલિફન્ટ ટેંગો' વિઝન તરીકે વર્ણવ્યા હતા, જેનો અર્થ છે કે બંને દેશોએ એકબીજાની સફળતામાં સહભાગી બની સંકલન સાધવું જોઈએ. ચીની રાજદૂતે સ્પષ્ટ કર્યું કે ચીન ભારત સાથે વ્યૂહાત્મક સંકલન વધારવા અને વિવિધ ક્ષેત્રોમાં વ્યવહારુ સહયોગને ગાઢ બનાવવા તૈયાર છે. મુંબઈમાં



ચીનના કોન્સ્યુલ જનરલ કિન જિયે પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીની રાષ્ટ્રપતિ શી જિનપિંગની મુલાકાતોનો ઉલ્લેખ કરી સંબંધો યોગ્ય દિશામાં હોવાનો આશાવાદ વ્યક્ત કર્યો હતો. સરહદી વિવાદોના કારણે સર્જાયેલા તણાવને હળવો કરવા અને પશ્ચિમી દેશોના વધતા પ્રભાવ વચ્ચે સંતુલન જાળવવા ચીન અત્યારે મિત્રતાનો હાથ લંબાવી રહ્યું હોય તેમ જણાય છે. આ વર્ષે ભારતમાં યોજાનારી બ્રિક્સ (BRICS) સમિટ પણ આ સંબંધોને નવી ઊંચાઈએ લઈ જવામાં મહત્વની ભૂમિકા ભજવશે.

# ચંદીગઢમાં ભાજપ કાર્યાલય પર થયેલા ગ્રેનેડ હુમલાની જવાબદારી ખાલિસ્તાની આંતકવાદીએ લીધી

(એચ.એસ.એલ),ચંદીગઢ,તા.૩

ચંદીગઢના સેક્ટર ૩૭માં આવેલી પંજાબ ભાજપની મુખ્ય કચેરી પર બુધવારે સાંજે ગ્રેનેડ હુમલો થયો હતો. આ હુમલાની જવાબદારી સોશિયલ મીડિયા પર સુખવિંદર સિંહ બબ્બર નામના વ્યક્તિએ સ્વીકારી છે, જેણે આ હુમલાને રણજીત સિંહના એન્કાઉન્ટરનો બદલો ગણાવ્યો છે. હુમલામાં પાકિસ્તાની બનાવટના 'GHD2P' ગ્રેનેડનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. સદનસીબે, આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ કાર્યાલયની બહાર ઉભેલા વાહનોને નુકસાન થયું છે અને દિવાલો પર વિસ્ફોટના નિશાન જોવા મળ્યા છે. NIA અને ફોરેન્સિક ટીમોએ ઘટનાસ્થળે



પહોંચી તપાસ હાથ ધરી છે.

ભાજપના નેતા સુનીલ જાખડ અને પૂર્વ મુખ્યમંત્રી અમરિંદર સિંહે આ ઘટના પર ઊંડી ચિંતા વ્યક્ત કરી છે.

જાખડે જણાવ્યું કે આ રાજ્યમાં સાંપ્રદાયિક સૌહાર્દ બગાડવાનો પ્રયાસ છે. અકાલી દળ અને કોંગ્રેસના નેતાઓએ પણ આ હુમલાને વખોડી કાઢ્યો છે અને વહેલી તકે ગુનેગારોને પકડવાની માંગ કરી છે. હાલમાં પોલીસ સીસીટીવી ફૂટેજ દ્વારા શંકાસ્પદ હુમલાખોરોની ઓળખ કરી રહી છે.

# એમ.પી.ના દતિયાના ધારાસભ્ય રાજેન્દ્ર ભારતીને ત્રણ વર્ષની જેલ

(એચ.એસ.એલ),ભોપાલ,તા.૨



મધ્યપ્રદેશના દતિયાના કોંગ્રેસ ધારાસભ્ય રાજેન્દ્ર ભારતીને દિલ્હીની વિશેષ સાંસદ-ધારાસભ્ય અદાલતે ૨૫ વર્ષ જૂના ફિક્સ્ડ ડિપોઝિટ (FD) કૌભાંડમાં દોષિત ઠેરવી ત્રણ વર્ષની જેલની સજા ફટકારી છે. આ કેસ ૧૯૯૮નો છે, જ્યારે ભારતી જિલ્લા સહકારી બેંકના અધ્યક્ષ હતા અને તેમણે પોતાની માતાના નામે ખોલેલી રૂા. ૧૦ લાખની એફડીમાં પદનો દુરુપયોગ કરી વ્યાજના દરો અને મુદતમાં ગેરરીતિ આચરી બેંકને આર્થિક નુકસાન પહોંચાડ્યું હતું. અદાલતે તેમને આઈપીસીની કલમ ૪૨૦ (છેતરપિંડી) અને ગુનાહિત કાવતરા હેઠળ દોષિત ગણી તિહાર જેલ મોકલી આપ્યા છે. નિયમ મુજબ, બે વર્ષથી વધુની સજા થતા તેમનું વિધાનસભા સભ્યપદ રદ થઈ શકે છે.

# કેરળ LDFનો ચૂંટણી ઢંઢેરો જાહેર, મહિલાઓ માટે ૫૦% અનામતનું વચન

(એચ.એસ.એલ),કોચી,તા.૨

કેરળમાં સત્તારૂઢ લેફ્ટ ડેમોક્રેટિક ફ્રન્ટ (LDF) એ ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણી માટે પોતાનો મહત્વકાંક્ષી ચૂંટણી ઢંઢેરો બહાર પાડ્યો છે. મુખ્યમંત્રી પિનરાઈ વિજયન દ્વારા જાહેર કરાયેલા આ દસ્તાવેજમાં મહિલા સશક્તિકરણ પર વિશેષ ભાર મૂકતા સરકારી નોકરીઓમાં ૫૦% અનામત આપવાની જાહેરાત કરવામાં આવી છે. આ ઉપરાંત, ઢંઢેરામાં કલ્યાણ પેન્શન વધારીને રૂા. ૩,૦૦૦ કરવા, સ્નાતકો માટે રોજગારની ખાતરી અને ચાલુ શૈક્ષણિક વર્ષમાં ૬૦,૦૦૦ યુવાનોને નોકરી આપવાનું વચન અપાયું છે. માળખાગત સુવિધાઓમાં હાઈ-સ્પીડ રેલ કોરિડોર અને યુવાનો માટે વ્યાજમુક્ત લોન જેવી યોજનાઓ મુખ્ય આકર્ષણ છે. સામે પક્ષે કોંગ્રેસના નેતૃત્વ હેઠળના UDF એ પણ '૫+૧ ગેરંટી' સાથે પોતાનો પ્રતિ-ઢંઢેરો રજૂ કર્યો છે.

# તુર્કીના દરિયાકાંઠે અફઘાનમાં સ્થળાંતર કરનારાઓની હોડી પલટી જતા ૧૯નાં મોત

(એચ.એસ.એલ),બોડ્રમ,તા.૩

તુર્કીના દરિયાકાંઠે એજિયન સમુદ્રમાં એક અત્યંત દુઃખદ અકસ્માત સર્જાયો છે. અફઘાન સ્થળાંતર કરનારાઓને લઈ જતી એક હોડી કોસ્ટ ગાર્ડથી બચવા માટે ખૂબ જ ઝડપે જઈ રહી હતી, જે દરમિયાન કાબૂ ગુમાવતા પલટી ગઈ હતી. આ દુર્ઘટનામાં ૧૯ લોકોના મોત થયા છે,



જેમાં એક નિર્દોષ બાળકનો પણ સમાવેશ થાય છે. તુર્કીના પ્રખ્યાત પર્યટન સ્થળ બોડ્રમ નજીક બનેલી આ ઘટનામાં કોસ્ટ ગાર્ડ દ્વારા તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. હેલિકોપ્ટર અને બચાવ કાર્યકરોની મદદથી ૨૧ લોકોને જીવતા બચાવી લેવામાં આવ્યા છે, જ્યારે ૧૮ મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા હતા અને એક વ્યક્તિનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

# ઈરાની મિસાઈલ હુમલામાં બહેરીનનું એમેઝોન ડેટા સેન્ટર નિશાન બનતા બેંકિંગ સિસ્ટમ ખોરવાઈ

(એચ.એસ.એલ),તહેરાન,તા.૨

પશ્ચિમ એશિયામાં વધતા તણાવ વચ્ચે ઈરાને બહેરીનમાં સ્થિત એમેઝોન વેબ સર્વિસીસ (AWS) ના ડેટા સેન્ટર અને ટેલિકોમ કંપની 'બેટલકો' ના મુખ્યાલય પર ડ્રોન અને મિસાઈલથી ભીષણ હુમલો કર્યો છે. ઈતિહાસમાં પ્રથમવાર ઈરાને કોઈ અમેરિકન ટેક કંપનીના ભૌતિક માળખાને સીધું નિશાન બનાવ્યું છે. આ હુમલાને કારણે એમેઝોન



સર્વર ડાઉન થતા બહેરીન અને આસપાસના દેશોમાં સ્થાનિક બેંકિંગ સિસ્ટમ, કોર્પોરેટ નેટવર્ક અને એરલાઈન રિઝર્વેશન સેવાઓ સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ છે. ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સે અગાઉ જ ચેતવણી આપી હતી કે તેઓ અમેરિકા અને ઈઝરાયેલ સાથે જોડાયેલી ટેક કંપનીઓને નિશાન બનાવશે.

બહેરીનના ગૃહ મંત્રાલયે ઘટનાની પુષ્ટિ કરતા જણાવ્યું છે કે નાગરિક સંરક્ષણ ટીમો આગ પર કાબૂ મેળવવા પ્રયત્ન કરી રહી છે, જોકે જાનહાનિ અંગે હજુ કોઈ સત્તાવાર ખુલાસો કરાયો નથી. એમેઝોને તેના ક્લાઉડ ટ્રાફિકને અન્ય સુરક્ષિત દેશોમાં ખસેડવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. આ હુમલાએ સાબિત કર્યું છે કે ભવિષ્યનું યુદ્ધ માત્ર જમીની સરહદો પૂરતું મર્યાદિત નથી, પરંતુ ડિજિટલ વિશ્વ અને ડેટા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પણ હવે સીધા જોખમ હેઠળ છે. માઈક્રોસોફ્ટ અને ગૂગલ જેવી દિગ્ગજ કંપનીઓને પણ ઈરાન દ્વારા આવી જ ગંભીર ચેતવણીઓ આપવામાં આવી છે.

# ચીનની પાકિસ્તાનને ફટકાર : ૨૦.૫ અબજ ડોલરના બાકી વીજ બિલ મુદ્દે કડક ચેતવણી

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨



પાકિસ્તાન અને ચીન વચ્ચેની કહેવાતી અતૂટ મિત્રતામાં હવે નાણાકીય મુદ્દે કડવાશ જોવા મળી છે. ચીની કંપની 'યુનાઈટેડ એનર્જી પાકિસ્તાન' (UEP) ના આશરે ૨૨૦ મિલિયન ડોલર (અંદાજે રૂા. ૨૦૫૦ કરોડ) ના વીજળી અને ગેસના બિલ બાકી હોવાથી ચીને પાકિસ્તાનને ગંભીર પરિણામોની ચેતવણી આપી છે. ચીને સ્પષ્ટ કર્યું છે કે જો આ રકમ તાત્કાલિક ચૂકવવામાં નહીં આવે, તો તેઓ પાકિસ્તાનમાં તેમનું સંચાલન અને ભાવિ રોકાણ બંધ કરી શકે છે. આ વિવાદને કારણે પાકિસ્તાનના ઉર્જા પુરવઠા પર સીધું સંકટ તોળાઈ રહ્યું છે, કારણ કે UEP પાકિસ્તાનની સૌથી મોટી વિદેશી તેલ અને ગેસ કંપની છે. બીજી તરફ, પાકિસ્તાની ગેસ કંપનીઓ ભંડોળના અભાવ અને સરકાર પાસેથી મળવાપાત્ર રિફંડ અટવાયેલા હોવાનું બહાનું ધરી રહી છે. નિષ્ણાંતોના મતે, જો પાકિસ્તાન આ લેણાં ચૂકવવામાં નિષ્ફળ જશે, તો આંતરરાષ્ટ્રીય સ્તરે તેનો રોકાણકારોનો વિશ્વાસ ડગમગી જશે અને દેશમાં ઉર્જા સંકટ વધુ ઘેરું બનશે.

### બગસરા ડેપોની બસ જૂનાગઢ પહોંચતા સ્ટીયરીંગ રોડની નટ ખુલી જતા

# ફરજમાં બેદરકારી બદલ બગસરા ડેપો મેનેજર અને વર્કશોપ કર્મચારીઓ સસ્પેન્ડ

બગસરા,તા.૦૨

બગસરા ડેપોમાં ફરજ બજાવતા ડેપો મેનેજર,હેડ મિકેનિક તથા આર્ટન્સી મિકેનિકને ફરજમાં બેદરકારી દાખવવા બદલ સસ્પેન્ડ કરી નાખવામાં આવતા એસ.ટી.વિભાગમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. વિભાગીય નિયામક ભાવેશ પટેલે ડેપો મેનેજર નિમિષાબેન ગઢવીને સસ્પેન્ડ કરતા કારણ જણાવ્યું હતું કે, તા.૨ એપ્રિલના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે ઉપડતી બગસરા-જૂનાગઢ-ખાંભા નાઈટ રૂટમાં આપેલ વાહન જી.જે.૧૮-ઝેડ-૬૬૯૨ જૂનાગઢ સક્કરબાગ પાસે પહોંચતા વાહનની ચકાસણી ન કરવાના કારણે વાહનના સ્ટીયરીંગ રોડની નટ ખુલી જતા આગળ જતા વાહન સાથે અથડાતા અકસ્માત થવા પામેલ જેથી એસ.ટી.નિગમની પ્રતિષ્ઠાને હાની પહોંચેલ છે. બગસરા ડેપો મેનેજર સસ્પેન્ડ થયા બાદ તેને અમરેલી ડેપો મેનેજર સમક્ષ હાજર રહી હાજરી પુરાવવાની રહેશે. અમરેલી ડેપો મેનેજરની મંજૂરી વગર હેડ ક્વાર્ટર છોડી શકાશે નહી તો આ જ કારણોસર ડીએમઈ દ્વારા હેડ મિકેનિક કિશોર મનહરલાલ વનરાને અને આર્ટન્સી મિકેનિક નાસીરખાન પઠાણને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. હેડ મિકેનિક કિશોર વનરાને ઉના ડેપો ખાતે હાજરી પુરાવવાની રહેશે જયારે આર્ટન્સી મિકેનિક નાસીરખાન પઠાણને રાજુલા ડેપો ખાતે હાજરી પુરાવવાની રહેશે. આમ, બગસરા એસ.ટી.ડેપોમાં એક સાથે ત્રણ અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવતા એસ.ટી.વિભાગમાં ચકચાર મચી જવા પામી છે. જો કે બગસરા ડેપોની બસમાં યોગ્ય મેન્ટેન્સ થતુ ન હોવાની પણ રાવ ઉઠવા પામી છે. બગસરા ડેપો મેનેજરનો ચાર્જ સાવરકુંડલાના ડેપો મેનેજરને સોંપવામાં આવ્યો છે.

**મોટાભાગની બસમાં હેડલાઈટ ટમટમીયા બની**

બગસરા ડેપોની મોટાભાગની બસમાં હેડલાઈટ ટમટમીયા બની ગઈ છે. એસ.ટી.વિભાગના નિયમ મુજબ વધારાની લાઈટ લગાડી શકાતી નથી અને બસની લાઈટોના શીલબિંબ પણ બદલવામાં આવતા ન હોવાની ફરિયાદો ઉઠી છે. એસ.ટી.બસની લાઈટ ટમટમીયા હોય ત્યારે રાત્રિના સમયે હાઈવે પર દોડતી લકઝરી બસની હેડલાઈટથી એસ.ટી.ના ડ્રાઈવરોને ભારે મુશ્કેલી પડે છે ત્યારે જીવના જોખમે ડ્રાઈવર બસ ચલાવતા હોવાનુ સામે આવ્યુ છે. જેથી કોઈ ગંભીર ઘટના સર્જાય તે પહેલા હેડલાઈટનું યોગ્ય મેન્ટેનન્સ કરવામાં આવે તે જરૂરી છે.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કમોસમી વરસાદથી ખેડૂતો બન્યા ચિંતાતુર



અમદાવાદ,તા.૦૨

હવામાન વિભાગની આગાહી વચ્ચે દેવભૂમિ દ્વારકા જિલ્લાના વાતાવરણમાં અચાનક પલટો આવ્યો છે. વહેલી સવારથી જ કાળા ડિબાંગ વાદળો વચ્ચે વીજળીના કડાકા-ભડાકા સાથે ચોમાસા જેવો વરસાદ ખાબક્યો હતો, જેના કારણે રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હતા.

હાલ ખેતરોમાં શિયાળુ (રવિ) પાક તૈયાર થઈને ખુલ્લો પડ્યો હોવાથી આ કમોસમી વરસાદને કારણે પાકને મોટા પાયે નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે, જેને લીધે જગતનો તાત ભારે ચિંતામાં મુકાયો છે. રાજ્યમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને સાયક્લોનિક સર્ક્યુલેશન જેવી ત્રણ સિસ્ટમ સક્રિય થવાને કારણે આ સ્થિતિ સર્જાઈ છે. હવામાન વિભાગે આજે રાજ્યના ૨૧ જિલ્લાઓમાં ગાજવીજ સાથે વરસાદની આગાહી કરી છે. તદુપરાંત, ૩ એપ્રિલે પણ કચ્છ, બનાસકાંઠા, દ્વારકા અને સુરત સહિતના અનેક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

# ‘જય શ્રી રામ’ બોલવામાં તકલીફ હોય તેનુ પતન કરી નાખજો : શૈલેષ મહેતા



વડોદરા,તા.૦૨

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની જાહેરાત થતાં જ રાજકીય ગરમાવો વધી ગયો છે. વડોદરાના વોર્ડ નંબર ૫ ના એક કાર્યક્રમમાં ડભોઈના ધારાસભ્ય શૈલેષ મહેતાએ આક્રમક નિવેદન આપ્યું છે. તેમણે મતદારોને સંબોધતા કહ્યું કે, જે ઉમેદવારને ‘જય શ્રી રામ‘ બોલવામાં તકલીફ હોય, તેનું ‘જય શ્રી રામ‘ (રાજકીય પતન) કરી નાખજો. જે ઉમેદવારો હિન્દુત્વની વિચારધારા સાથે જોડાયેલા છે તેમને જંગી બહુમતી મળે તેવા આશીર્વાદ પણ તેમણે આપ્યા. અગાઉ આ વોર્ડમાં મિશ્ર પરિણામ આવ્યું હોવાથી ભાજપ અહીં પકડ મજબૂત કરવા મથી રહ્યું છે.

# આપ સંયોજક અરવિંદ કેજરીવાલનો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર : ‘અમારે તમને મળવું છે’

**પોલીસ આપ કાર્યકરોની ધરપકડ કરાતી હોવાનો આરોપ**



અમદાવાદ,તા.૦૨

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પહેલાં રાજકીય ગરમાવો વધ્યો છે. આમ આદમી પાર્ટી (આપ) ના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર લખીને ગંભીર આરોપ લગાવ્યા છે. તેમણે પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન સાથે રૂબરૂ મુલાકાત માટે સમય પણ માંગ્યો છે. પત્રમાં કેજરીવાલે દાવો કર્યો છે કે છેલ્લા ૪૮ કલાકમાં પક્ષના કાર્યકરોની ધરપકડ પાછળ એક નિશ્ચિત પેટર્ન છે. અચાનક ગુંડાઓ દ્વારા કાર્યકરો પર હુમલો થાય છે, અને ગણતરીની મિનિટોમાં ક્રાઈમ બ્રાન્ચ આવીને ‘આપ‘ના કાર્યકરોની જ ધરપકડ કરી લે છે. તેમણે આરોપ લગાવ્યો કે ક્રાઈમ બ્રાન્ચ કોઈ પૂછપરછ વગર એકતરફી કાર્યવાહી કરીને હુમલો કરનાર ગુંડાઓને છોડી મૂકે છે, જ્યારે પક્ષના નિર્દોષ કાર્યકરો પર કલમ ૩૦૭ લગાવી જેલમાં ધકેલી દે છે. ખંભાળિયા, પોરબંદર અને જામનગરના કિસ્સાઓનો ઉલ્લેખ કરી તેમણે આ સમગ્ર પ્રક્રિયાને ‘અગાઉથી પ્લાન કરેલું ષડયંત્ર‘ ગણાવ્યું છે.

# કડીમાં જેસીબી નીચે આવતાં બે બાળકોના થયા કરૂણ મોત



કડી,તા.૦૨

કડીના કલ્યાણપુરા રોડ પર શિવશક્તિ જીનિંગ સામે માર્ગ નિર્માણ દરમિયાન અત્યંત હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો છે. રસ્તા પર કામ કરતા શ્રમિકોના બે નાનાં બાળકો માર્ગ પર સૂઈ રહ્યા હતા, ત્યારે અચાનક જેસીબી મશીન તેમના પર ફરી વળતા બંનેના ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યા હતા. આ દુર્ઘટનાથી સમગ્ર વિસ્તારમાં શોક વ્યાપી ગયો છે. કાળજાના ટુકડા ગુમાવી ચૂકેલી માતા ૧૦ કલાકથી બાળકોના મૃતદેહ પાસે બેસી રહી છે, જે જોઈને સૌની આંખો ભીની થઈ ગઈ. પોલીસે લાશને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડી આગળની તપાસ હાથ ધરી છે. સ્થાનિકોમાં સુરક્ષા વ્યવસ્થાના અભાવને લઈ ભારે રોષ જોવા મળી રહ્યો છે.

# બનાસકાંઠા ખાણ-ખનીજ વિભાગે નવો કીર્તિમાન રચ્યો, રૂ. ૨૦૧ કરોડની આવક સાથે રાજ્યમાં પ્રથમ



બનાસકાંઠા, તા.૦૨

બનાસકાંઠા જિલ્લાના ખાણ-ખનીજ વિભાગે વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન ઉત્કૃષ્ટ કામગીરી કરીને સમગ્ર રાજ્યમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. વિભાગે સરકાર દ્વારા અપાયેલા મહેસુલી આવકના લક્ષ્યાંકને પાર કરીને રૂ. ૨૦૧ કરોડથી વધુની આવક મેળવી છે, જે ૧૨૨% સિદ્ધિ દર્શાવે છે.

સરકારે શરૂઆતમાં રૂ. ૧૩૨ કરોડનો લક્ષ્યાંક આપ્યો હતો, જે જાન્યુઆરી ૨૦૨૬ સુધીમાં જ પૂર્ણ થઈ જતાં તેને વધારીને રૂ. ૧૬૪ કરોડ કરવામાં આવ્યો હતો. જોકે, ટીમની આયોજનબદ્ધ કામગીરીથી આવક ૨૦૦ કરોડને પાર થઈ ગઈ. આ ઉપરાંત, ખનીજ ચોરી અટકાવવામાં પણ જિલ્લાએ બાજી મારી છે. વર્ષ દરમિયાન ખનીજ ચોરીના ૧,૧૯૭ કેસ પકડીને રૂ. ૨૨.૫૬ કરોડની વસૂલાત કરવામાં આવી છે. તેમજ ગેરકાયદે પ્રવૃત્તિઓ બદલ ૧૨ પોલીસ ફરિયાદો અને ૧૪ કોર્ટ કેસ દાખલ કરાયા છે. જિલ્લાની આવકમાં સતત પ્રગતિ થઈ છે. વર્ષ ૨૦૨૨-૨૩ માં રૂ. ૮૨.૪૪ કરોડની આવક સામે ચાલુ વર્ષે ૨૦૧ કરોડ સુધીનો આંકડો પહોંચવો એ મોટી સફળતા છે.

# રાજયની સ્ટેટ GSTમાં ૧૯ ટકાના વધારા સાથે રાજય સરકારને રૂ.૮૮ કરોડની આવક



અમદાવાદ,તા.૦૨

ગુજરાતમાં માર્ચ મહિનાના અંતે સ્ટેટ જીએસટી (SGST) ની આવકમાં ૧૯ ટકાનો નોંધપાત્ર વધારો નોંધાયો છે, જેનાથી સરકારને રૂ. ૮૮ કરોડની આવક થઈ છે. આ ઉપરાંત વેટ, વીજવેરો અને વ્યવસાય વેરામાં પણ બમ્પર આવક થઈ છે. આ વૃદ્ધિ દર્શાવે છે કે માર્ચ મહિનામાં ગુજરાતમાં ઔદ્યોગિક અને આર્થિક પ્રવૃત્તિઓ પૂરજોશમાં ધમધમતી રહી હતી. રાષ્ટ્રીય સ્તરે પણ કેન્દ્ર સરકારનું જીએસટી કલેક્શન આ મહિને બે લાખ કરોડ રૂપિયાને આંબી ગયું છે.

બજાર નિષ્ણાતોના મતે, ‘માર્ચ એન્ડિંગ‘ હોવાથી ઉદ્યોગોએ પોતાના જૂના ઓર્ડર પૂરા કરવા પર વિશેષ ધ્યાન આપ્યું હતું. વળી, મધ્ય-પૂર્વમાં (મિડલ ઈસ્ટ) ચાલી રહેલા યુધ્ધના કારણે નાના અને મધ્યમ સ્તરના એકમોએ ભવિષ્યની અનિશ્ચિતતાથી બચવા ઉત્પાદન ઝડપી બનાવ્યું હતું. આ સક્રિયતા પણ ટેક્સની આવક વધવા પાછળનું એક મુખ્ય કારણ છે. જોકે, તાજેતરમાં ઔદ્યોગિક ગેસનો પુરવઠો બંધ થતાં કેટલાક કારખાનાઓએ વેકેશન જાહેર કરી દીધું હતું. આથી હવે બધાની નજર એપ્રિલ મહિનાના જીએસટી કલેક્શન પર રહેશે, જેથી ખ્યાલ આવી શકે કે વૈશ્વિક યુધ્ધ અને સ્થાનિક સમસ્યાઓની રાજ્યના અર્થતંત્ર પર કેટલી અસર પડી છે.

# સાળંગપુરમાં હનુમાન જયંતી નિમિત્તે દાદાને ૮ કિલો સોનાના વાઘાનો શણગાર



સાળંગપુર,તા.૦૨

વિશ્વ પ્રસિધ્ધ યાત્રાધામ સાળંગપુર ખાતે હનુમાન જયંતી નિમિત્તે ‘કૃતજ્ઞતા મહામહોત્સવ‘ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પાવન પર્વે વહેલી સવારથી જ દાદાના દર્શન કરવા માટે ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું હતું.

દાદાના જન્મોત્સવ નિમિત્તે વહેલી સવારે વિશેષ આરતી યોજાઈ હતી, જેમાં દાદાને ૮ કિલો શુધ્ધ સોનામાંથી બનેલા અત્યંત કલાત્મક નૂતન વાઘા અર્પણ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત આકાશમાંથી ૧ લાખથી વધુ બલૂન વરસાવીને તેમજ ૧૫૧ કિલોની વિશાળ કેક કાપીને જન્મોત્સવની ઉજવણી કરાઈ હતી.

# નકલી ડોક્ટરો અને લેભાગુ તત્વોની હવે ખેર નથી : રાજ્ય સરકાર લાવશે કડક કાયદો



સુરત,તા.૦૨

રાજ્યમાં આયુર્વેદના ઓઠા હેઠળ લોકોના સ્વાસ્થ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં કરતા નકલી ડોક્ટરો અને લેભાગુ તત્વો સામે રાજ્ય સરકારે લાલ આંખ કરી છે. સુરત ખાતે સાચા આયુર્વેદિક ડોક્ટરો દ્વારા કરવામાં આવેલી ઉગ્ર રજૂઆત બાદ, રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ એક મોટી જાહેરાત કરી છે. તેમણે જણાવ્યું છે કે, આગામી બજેટ સત્રમાં નકલી ડોક્ટરોને ડામવા માટે સરકાર નવો કડક કાયદો લાવશે અથવા પ્રવર્તમાન કાયદામાં જડબેસલાક સુધારા કરશે.સુરતના કામરેજ સ્થિત એક આશ્રમમાં કોઈ પણ માન્ય પ્રોફેશનલ ડિગ્રી વગર આયુર્વેદના નામે પ્રેક્ટિસ કરતા પ્રદીપ જાટંગીયા વિધ્ધ્ય આયુર્વેદિક ડોક્ટરોએ ગંભીર આક્ષેપો સાથે મંત્રીને રજૂઆત કરી હતી. ઉલ્લેખનીય છે કે, આ પ્રદીપ જાટંગીયા અગાઉ નકલી નોટના કેસમાં ક્રાઈમ બ્રાન્ચના હાથે ઝડપાઈ ચૂક્યા છે અને હાલ જેલના સળિયા પાછળ છે. તેમની કહેવાતી સારવાર પધ્ધતિમાં દર્દીના શરીરમાં સોય ભોંકવી અને દોરા-ધાગા જેવી અંધશ્રધ્ધા ફેલાવીને લોકોના જીવ જોખમમાં મૂકવામાં આવતા હોવાના અનેક વીડિયો પણ સોશિયલ મીડિયામાં સામે આવ્યા છે.આ ગંભીર મામલે આરોગ્ય મંત્રીએ સ્પષ્ટ ચીમકી આપતા જણાવ્યું હતું કે આગામી બજેટ સત્રમાં નકલી તબીબો સામે કડક શિક્ષાત્મક જોગવાઈઓ વાળો નવો કાયદો લાવવામાં આવશે.











